CITYNEWSRAJKOT@GMAIL.COM | @City News Rajkot Live | @CITY NEWS RAJKOT | +91 81409 88883



Page 18


# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

Digital Editions

2002-2026 25 વર્ષ લગાતાર પ્રજાનો વિશ્વાસ

Year : 04, Issue : 69, Dt. 18-07-2026 (SATURDAY) Rs. 02/- Page : 32, RNI No. GUJGUJ/2023/84789


## સ્માર્ટ સિટીની મોટી ભૂલ

### બહારગામથી આવતા લોકો સાઈન બોર્ડને આધારે જ ચાલતા હોય છે




**ભૂલ ક્યાં છે ?**

રેલનગર બાજુ રેલવેસ્ટેશન ત્યાં જવાય પણ લોકો ભટકાશે, સહેલું સાંઢિયા પૂલ ઉપર ચઢવું નીચે બોર્ડ છે તે રેલવે સ્ટેશન સાંઢિયા પૂલ ઉપરથી દેખાડવામાં આવ્યું.

**બસ સ્ટેશન**

સાઈન બોર્ડમાં બસ સ્ટેશનનો એરો. શિતલ પાર્ક રોડ થઈ જવાનું દર્શાવ્યું છે વાહન ચાલકોને કેટલું ફરવું પડે.

તસવીરઃ અક્ષય ગોંડલિયા

# સાંઢિયા પૂલના સાઈનબોર્ડે દિશા ભૂલાવી વાહન ચાલકો ગોટે ચઢ્યા




સાંઢીયા પુલ ક્રોસ કર્યા પછીનું સાચું સાઇન બોર્ડ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સૌરાષ્ટ્રના પ્રવેશદ્વાર તરીકે ઓળખાતા રાજકોટમાં નવા બનેલા સાંઢીયા પુલ પર લગાવવામાં આવેલા દિશાસૂચક સાઇનબોર્ડને લઈને ગંભીર બેદરકારી સામે આવી છે. કરોડો રૂપિયાના ખર્ચે બનેલા આ પુલ પર લગાવાયેલા સ્માર્ટ સાઇનબોર્ડમાં અનેક મહત્વના સ્થળોની દિશા ખોટી દર્શાવવામાં આવતા વાહનચાલકો ભારે મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે.

માહિતી મુજબ, જામનગર, મોરબી અને અમદાવાદ તરફથી આવનાર લોકો માટે આ પુલ મુખ્ય માર્ગ છે, પરંતુ અહીં લગાવાયેલા બોર્ડ સાચો રસ્તો બતાવવાના બદલે લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. રેલવે સ્ટેશન, બસ સ્ટેશન અને ત્રિકોણબાગ જેવા સ્થળોની દિશા ખોટી દર્શાવાતા લોકોને લાંબા ચક્કર મારવા પડી રહ્યા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, માત્ર સિવિલ હોસ્પિટલ અને કુવાડવા રોડની દિશા જ સાચી છે, જ્યારે બાકીના માર્ગદર્શન ખોટા છે. પરિણામે ૩.૬ કિલોમીટરનું અંતર વધીને લગભગ ૯ કિલોમીટર સુધી થઈ રહ્યું છે, જેના કારણે સમય અને ઈંધણનો બગાડ થઈ રહ્યો છે.

સ્થળ પર પહોંચેલી મીડિયા ટીમે ટ્રાફિક પોલીસ અને સ્થાનિકો સાથે વાતચીત કરતાં જાણવા મળ્યું કે દરરોજ ૫૦થી ૧૦૦ જેટલા વાહનચાલકો રસ્તો પૂછવા માટે અટકી રહ્યા છે. વેપારીઓએ પણ આ સમસ્યાને લઈને રોષ વ્યક્ત કર્યો છે. આ મામલે સ્થાનિકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. લોકોનું કહેવું છે કે કરોડોના પ્રોજેક્ટમાં આવી પ્રાથમિક ભૂલ અસ્વીકાર્ય છે અને જવાબદાર અધિકારીઓ તથા કોન્ટ્રાક્ટર સામે કડક કાર્યવાહી થવી જોઈએ. હવે નજર મનપા તંત્ર પર છે કે આ ભૂલમાં તાત્કાલિક સુધારો કરવામાં આવશે કે નહીં.

## બાળકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં; મેક અપ, સાબુ અને કપડાં રંગવાનો કલર વાપરતા હતા

# રાજકોટ : બાલાજી વેફર્સનું ગિપ્પીનું પેકેટ લેબમાં ફેલ!




## પેકિંગમાં મળતી કચોરી, પાસ્તા, પોપકોર્નમાં લેબ ટેસ્ટમાં જોખમી ડાઈ મળતા સ્ટોકિસ્ટ પર દરોડા

BALAJI WAFERS ગીપ્પી ટોર્નાડો




પ્રોડક્ટમાં શું છે: તીખા પોપકોર્ન | કંપની/ગ્રુડ ઉદ્યોગ: બાલાજી વેફર્સ | કિંમત: ₹ 5/- વજન: 20 ગ્રામ

| ઈનગ્રીડિયન્સ | કેટલું હોવું જોઈએ | કેટલું નીકળ્યું |
|---|---|---|
| ફેટ | 1.4 ગ્રામ | 5.49 ગ્રામ |
| મીઠું | 0.1 ગ્રામ | 0.478 ગ્રામ |

### બાલાજીની પ્રોડક્ટ પણ સોલ્ટ અને ફેટનું પ્રમાણ વધુ

કુલ ૮ ફૂડ પ્રોડક્ટના લેબ રિપોર્ટમાં ચોંકાવનારા પરિણામે બ્રાંડેડ કંપની બાલાજીના પણ આવ્યા. ગિપ્પીના પડીકામાં નોર્મ્સ મુજબ ૧.૪ ગ્રામ ફેટ હોવું જોઈએ પરંતુ ટેસ્ટમાં ફેટનું પ્રમાણ ૫.૪૯ ગ્રામ હોવાનું માલુમ પડ્યું. તે જ રીતે આ પડીકામાં ૦.૧ ગ્રામ સોલ્ટ હોવું જોઈએ પરંતુ પડીકામાં તે હકિકતમાં પાંચ ગણું એટલે કે ૦.૪૭૮ નીકળ્યું. જ્યારે આ પડીકામાં સુગરનું પ્રમાણ બેન્ચમાર્ક મુજબ જ હતું.

## પાંચ રૂપિયાના પડિકામાં કેન્સરકારક રંગ વાપરતા : રિપોર્ટમાં પર્દાફાશ !

સિટી ન્યૂઝ@રાજકોટ

અમદાવાદના અમરાઈવાડી વિસ્તારમાંથી સ્નેક્સના નામે વેચાઈ રહેલા ૧,૫૦૦ કિલોગ્રામ જથ્થાને તાત્કાલિક અસરથી સીઝ કરી અમન સેલ્સ એજન્સીના એકમને સીલ કરવામાં આવ્યું છે. આ એકમમાં નાની વયના બાળકો દ્વારા નાસ્તા તરીકે ખાવા માટે લેવામાં આવતા બચ્ચો કા પાસ્તા નામના સ્નેક્સના સેમ્પલમાંથી ઓઈલ સોલ્યુબલ ડાય મળી આવી હતી, જે ખાદ્યપદાર્થો માટે પ્રતિબંધિત છે. આ ડાયવાળા સ્નેક્સ ખાવાથી લાંબાગાળે કેન્સર જેવો જીવલેણ રોગ થઈ શકે છે. આ એકમમાંથી લેવામાં આવેલા કુલ સાત સેમ્પલ પૈકી છ સેમ્પલના લેબોરેટરી રિપોર્ટ હજુ આવવાના બાકી છે.

નોંધપાત્ર બાબત એ છે કે, તપાસ દરમિયાન આ ઉત્પાદનોનું ઉત્પાદન ઘારીવાલા ફૂડ્સ, સુજાનપુર હાઈવે, સિદ્ધપુર, પાટણ ખાતે થતું હોવાનું બહાર આવવા પામ્યું છે. ભેળસેળ કરનારાઓની માનવતા મરી પરવારી હોય તેમ નાની વયના બાળકોની ખાદ્યચીજોમાં પણ અખાદ્ય ઓઈલ સોલ્યુબલ ડાયનો ઉપયોગ કરવા લાગ્યા છે.

શુક્રવાર ૧૭ જુલાઈએ આ એકમમાંથી સબ-સ્ટાન્ડર્ડ અને અનસેફ્ હોવાની સંભાવના જણાતા એવા ૭૫ હજાર સ્નેક્સના પેકેટ સીઝ કરવામાં આવ્યા હતા, જેની કિંમત અંદાજે રૂ.૩.૭૫ લાખ જેટલી થવા જાય છે.

### બાળકોને ખંજવાળ, અસ્થમા ખંજવાળ થઇ શકે : તબીબો

બચ્ચોકા પાસ્તા, સ્નેક્સ પેકેટમાં પ્રતિબંધિત ઓઈલ સોલ્યુબલ ડાઈ મળી આવી, બાળકોને એલર્જી, ખંજવાળ, અસ્થમાના દર્દીને દમનો હૂમલો આવી શકે સતત ખાવાથી બાળકો અનેક બિમારીનો શિકાર બની શકે છે તેમ તબીબોએ જણાવ્યું હતું.

અમદાવાદીઓની બદલાયેલી લાઈફસ્ટાઈલ અને વ્યસ્ત બનતી જતી જિંદગીની વચ્ચે ઘરે બનતી ખાદ્યચીજો ખાવાના બદલે મોટાભાગનો વર્ગ તૈયાર મળતા પડીકાં કલ્ચર તરફ્ ખૂબ ઝડપથી આગળ વધી રહ્યો છે. પરંતુ વિવિધ પ્રકારની ખાદ્યચીજોના બજારમાં મળતા પાંચ-પાંચ રૂપિયાના પડીકામાં કયું કન્ટેન્ટ કેટલા પ્રમાણમાં વપરાયું છે કે તેની ગુણવત્તા કયા પ્રકારની છે તે જોવા કે ચકાસવાનો આજે કોઈની પાસે સમય ન હોય તેવા દ્રશ્યો ના મોટાભાગના વિસ્તારો અને પરિવારોમાં જોવા મળી રહ્યા છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગ દ્વારા કરવામાં આવતી તપાસ દરમિયાન બાપુનગર વિસ્તારમાંથી બચ્ચો કા પાસ્તા નામના સ્નેક્સ પેકેટનો એક નમુનો લેવામાં આવ્યો હતો. કોર્પોરેશનની પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં આ નમુનાની તપાસ કરવામાં આવતા પાસ્તા બનાવવા માટે ઓઈલ સોલ્યુબલ ડાયનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનું ખૂલ્યું હતું.


## સુરતમાં ખાખી શર્મસાર; સત્તાના દુરૂપયોગનો ચોંકાવનારો કિસ્સો


# પોલીસની દાદાગીરી મફતમાં ચા-નાસ્તો ન આપતા પોલીસે 350 ડંડા માર્યા !



## ગલ્લામાંથી 10,000 લઈ લીધા, કેસ ન કરવા 50,000ની લાંચ માંગી

**વેપારીએ કહ્યું પોલીસનો સ્ટાફ અવાર-નવાર આવી મફત્તમાં ચા-નાસ્ત કરતા મે ના પાડી તો રાતે પોલીસ ઉઠાવી ગયા**





## ગુનાના પૂરાવા નષ્ટ કરવા માટે દુકાનનું DVR પણ સાથે લઈ ગયા

**સિટી ન્યૂઝ@સુરત**

ગુજરાતમાં ખાખી વર્દીને શર્મસાર કરતી બે ચોંકાવનારી ઘટનાઓ સામે આવી છે. સુરતના લીંબાયત વિસ્તારમાં મફતમાં ચા-નાસ્તો ન આપવા પર ડી-સ્ટાફે એક વેપારીને બેરહેમીથી માર માર્યો છે. વાઈરલ વીડિયોએ પોલીસની કામગીરી પર ગંભીર સવાલો ઊભા કર્યા છે.

લીંબાયતમાં 'યાદવ ટી-સેન્ટર' ચલાવતા મનોજ સરોજે પોલીસ કમિશનરને કરેલી અરજી મુજબ, ડી-સ્ટાફના જવાનો રોજનો ૬૦૦ થી ૭૦૦ રૂપિયાનો મફત નાસ્તો અને માવો લઈ જતા હતા. આર્થિક નુકસાન ન વેઠાતા વેપારીએ પૈસા માંગતા ઉશ્કેરાયેલા પીએસઆઈ જાડેજા અને ડી-સ્ટાફે ૧૩ જુલાઈની રાત્રે ૧૦:૩૦ વાગ્યાના અરસામાં દુકાને ધસી આવી આતંક મચાવ્યો હતો.

પોલીસે કોઈ પણ વાંક વગર દુકાન પર કામ કરતા છોકરાને પકડી લીધો હતો અને બચાવવા પડેલા વેપારીને ડી-સ્ટાફ રૂમમાં ઊંધો સુવડાવી પગના તળિયે ૨૫૦ થી વધુ ડંડા ફટકારી થર્ડ ડિગ્રી ટોર્ચર અપાયું હતું.

પોલીસે ગલ્લામાંથી ૧૦,૦૦૦ રોકડા કાઢી, ૫૦,૦૦૦ ની લાંચ માંગી અને પુરાવા નષ્ટ કરવા DVR બોક્સ પણ ઉખાડી લીધું હતું. ગંભીર રીતે ઘાયલ વેપારીને સ્મીમેર હોસ્પિટલમાં દાખલ કરાયો છે (MLC કેસ નંબર ૧૪૮૨૭). વાઈરલ સીસીટીવી ફૂટેજના આધારે ડીસીપી ડૉ. કાનન દેસાઈએ કડક તપાસના આદેશ આપ્યા છે.

## કોકરોચ પાર્ટીના દિપકેનો દાવો વાંગચૂક સર ઉપર હુમલો કરવાનો પ્રયાસ થયો

# સોનમ વાંગચૂકને પોલીસ હોસ્પિટલ લઈ ગઈ ઉપવાસ ચાલુ માત્ર મીઠાવાળું પાણી પીધુંઃ પત્નિ



## ભુખ હડતાળ કરી રહેલા ત્રણ લોકોનું 10 KG વજન ઘટ્યુંઃ તમામને હોસ્પિટલે લઈ જવાયા

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

જંતર-મંતર ખાતે છેલ્લા ૨૦ દિવસથી ઉપવાસ પર બેઠેલા સોનમ વાંગચુકને શનિવારે સવારે દિલ્હી પોલીસે સફદરજંગ હોસ્પિટલમાં દાખલ કર્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર, તેમની સતત બગડતી તબિયત અને દિલ્હી હાઈકોર્ટના નિર્દેશોને ધ્યાનમાં રાખીને આ પગલું ભરવામાં આવ્યું છે. જોકે, આ સમગ્ર કાર્યવાહી પાછળનું આયોજન અત્યંત ગુપ્ત અને સુનિયોજિત હોવાનું કહેવાય છે. દિલ્હી પોલીસના ઉચ્ચ સૂત્રોના જણાવ્યા અનુસાર નવા પોલીસ કમિશનરે કાર્યભાર સંભાળ્યા બાદ યોજાયેલી પ્રથમ ઉચ્ચ સ્તરીય બેઠકમાં વાંગચુકને જંતર-મંતર પરથી હટાવવાની વ્યૂહરચના અંગે વિગતવાર ચર્ચા થઈ હતી. ત્યારબાદ નક્કી કરવામાં આવ્યું કે આ ઓપરેશન સવારે એવા સમયે કરવામાં આવે જ્યારે પ્રદર્શન સ્થળ પર સૌથી ઓછા લોકો હાજર હોય અને કોઈ પણ પ્રકારના ઘર્ષણની આશંકા નહિવત રહે. સૂત્રોનું કહેવું છે કે પોલીસે કાર્યવાહી માટે એવો સમય પસંદ કર્યો જ્યારે વાંગચુકના નજીકના સહયોગી અભિજીત દિપકે થોડા સમય માટે પ્રદર્શન સ્થળથી બહાર ગયા હતા. આ જ સમયગાળા દરમિયાન નવી દિલ્હી જિલ્લાના સ્પેશિયલ સ્ટાફ અને સ્થાનિક પોલીસના આશરે ૩૦ થી ૩૫ જવાનો સાદા કપડામાં બેરિકેડિંગની અંદર પહોંચ્યા હતા. પોલીસે આ સમગ્ર ઓપરેશનને ત્રણ તબક્કામાં અંજામ આપ્યો હતો.




## જંતર-મંતર પર મહિલાએ દિપકે પર શાહી ફેંકી



## દિપકે ભૂખ હડતાળ શરૂ કરી



## 20 જૂલાઈ સંસદ માર્ચ યૂવાનોને ઉમટી પડવા દિપકેનું આહવાન



## સોનમને હોસ્પિટલ લઈ ગયા પછી દીપકે ભાવુક થયા




## ભારત ખાનગી ઓર્બિટલ લોન્ચ કરવાની ક્ષમતા ધરાવતો વિશ્વનો ત્રીજો દેશ બન્યો


# અંતરિક્ષમાં ભારતનો નવો ઈતિહાસ










Narendra Modi
@narendramodi

A historic new frontier for India's space journey!

At 11:30 AM today, Skyroot Aerospace will undertake the maiden orbital launch of Vikram-1, India's first privately developed launch vehicle.

This four-stage rocket is designed to provide rapid and on-demand launch services. This mission highlights the talent, determination and entrepreneurial spirit of our youth. It also shows how our space-sector reforms are unlocking new opportunities for innovation and enterprise.

My best wishes to the entire Skyroot Aerospace team for a successful launch. May Vikram-1 soar high, create history and inspire a generation of innovators.

I urge all Indians, especially my young friends, to follow this historic mission and join in wishing Team Skyroot success using #IndiaWithVikram1.

@SkyrootA

# ખાનગી ઓર્બિટલ રોકેટનું સફળ લોન્ચિંગ

**સિટી ન્યૂઝ@શ્રીહરિકોટા**

હૈદરાબાદની સ્કાયરૂટ એરોસ્પેસે આજે શનિવાર, ૧૮ જુલાઈના રોજ ભારતનું પ્રથમ પ્રાઈવેટ ઓર્બિટલ રોકેટ 'વિક્રમ-૧' લોન્ચ કર્યું. આ ટેસ્ટ પહેલા જ પ્રયાસમાં સફળ રહ્યો. આ સફળતા પર પીએમ મોદીએ સ્કાયરૂટના ફાઉન્ડર પવન કુમાર ચંદના સાથે વાત કરી અને અભિનંદન પાઠવ્યા.

આ લોન્ચિંગ આંધ્ર પ્રદેશમાં શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટર પરથી બપોરે ૧૨:૦૫ વાગ્યે કરવામાં આવ્યું હતું. પહેલા આ લોન્ચિંગ ૧૧:૩૦ વાગ્યે થવાનું હતું, પરંતુ લોન્ચનપ ૫ મિનિટ પહેલા કાઉન્ટડાઉન રોકી દેવામાં આવ્યું હતું. થોડી વાર પછી તેને ફરીથી શરૂ કરવામાં આવ્યું હતું. આ રોકેટને ભારતમાં જ બનાવવામાં આવ્યું છે. કંપનીએ ૨૦૨૨માં વિક્રમ-એસ સબઓર્બિટલ રોકેટ લોન્ચ કર્યું હતું, જે ૮૯.૫ કિમીની ઊંચાઈ સુધી ગયું હતું. હવે વિક્રમ-૧ પૃથ્વીની ४base(લો અર્થ ઓર્બિટ) ૪૫૦ કિમીની ગોળાકાર નીચલી કક્ષા સુધી પહોંચી ગયું છે. આ સફળ લોન્ચિંગને ભારતના સ્પેસ સેક્ટર માટે એક બહુ મોટી સફળતા માનવામાં આવી રહી છે.

લો અર્થ ઓર્બિટમાં 'વિક્રમ-૧'નું સફળતા પૂર્વક લોન્ચિંગ થતાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કૉલ કરીને સ્કાયરૂટ એરોસ્પેસની ટીમને અભિનંદન પાઠવ્યા. તેમણે કહ્યું કે, 'આ મિશન આગમન છે, આગમનને આગળ વધતું જ જવાનું છે.

## હળવા કાર્બન-કમ્પોઝિટથી બનેલું છે આખું રોકેટ



'વિક્રમ-૧' સંપૂર્ણપણે હળવા અને મજબૂત કાર્બન-કમ્પોઝિટ સ્ટ્રક્ચરથી બનેલું પ્રથમ ઓર્બિટલ રોકેટ છે. કાર્બન ફાઈબર સ્ટીલની સરખામણીમાં પાંચ ગણું હળવું હોય છે. આનાથી રોકેટનું વજન ઓછું થાય છે, જેનાથી તેની ઈંધણ કાર્યક્ષમતા વધે છે. રોકેટને ઊર્જા આપવા માટે તેમાં ત્રણ સોલિડ-ફ્યુઅલ સ્ટેજ અને એક લિક્વિડ ઓર્બિટલ એડજસ્ટમેન્ટ મોડ્યુલ આપવામાં આવ્યું છે.

### ગાંધીનગર સુધી પહોંચ્યો વિવાદઃ રેકોર્ડ છૂપાવવાનો ગંભીર આરોપ

# મોટામવા સહકારી મંડળીમાં ગરબડ ગોટાળાના ભાજપ નેતા વિજય કોરાટ ઉપર આરોપ






## મંડળીના સભ્ય અને પૂર્વ ઉપપ્રમુખ ભરત શીંગાળાએ જિલ્લા રજિસ્ટ્રાર સમક્ષ રજૂઆત કરી મંડળીના તમામ રેકોર્ડ જાહેર કરવાની માંગ કરીઃ હજુ સુધી રેકોર્ડ આપવામાં આવ્યા નથી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના મોટામવા સેવા સહકારી મંડળીમાં કથિત ગેરરીતિઓને લઈને વિવાદ ગરમાયો છે.
મંડળીના સભ્ય અને પૂર્વ ઉપપ્રમુખ ભરતભાઈ શીંગાળાએ જિલ્લા રજિસ્ટ્રાર સમક્ષ લેખિત રજૂઆત કરીને સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ અને મંડળીના તમામ રેકોર્ડ જાહેર કરવાની માંગ કરી છે.
રજૂઆત મુજબ, અરજદારે અગાઉ મંડળીના રેકોર્ડ અંગે માહિતી માંગેલી હતી, જેના જવાબમાં જિલ્લા રજિસ્ટ્રારે ૧૦ દિવસમાં માહિતી આપવાની સૂચના આપી હતી. છતાં નિર્ધારિત સમય વીતી જવા છતાં માહિતી આપવામાં આવી નથી, જેના કારણે સવાલો ઉઠ્યા છે.
ભરત શીંગાળાનો આક્ષેપ છે કે તેઓ ૩૧ જુલાઈ, ૨૦૨૫ની બેઠકમાં ઉપપ્રમુખ તરીકે હાજર હોવા છતાં બાદમાં કોઈ નોટિસ વિના જ તેમને પદ પરથી હટાવી દેવામાં આવ્યા. KYC માટે બેંક પહોંચતા તેમને આ બાબતની જાણ થઈ હતી.
મંડળીના પ્રમુખ વિજય કોરાટ સામે સત્તાનો દુરુપયોગ અને પરિવારવાદના ગંભીર આક્ષેપો પણ કરવામાં આવ્યા છે. સગા-સંબંધીઓને ડિરેક્ટર બનાવવામાં આવ્યા હોવાના આરોપો સાથે મંડળીના વહીવટ સામે અનેક પ્રશ્નો ઊભા થયા છે. નોંધનીય છે કે વિજય કોરાટ રાજકોટ માર્કેટિંગ યાર્ડના વાઇસ ચેરમેન તેમજ ભાજપ પ્રદેશ કિશાન મોરચાના મંત્રી તરીકે પણ જોડાયેલા છે.આ સમગ્ર મામલે કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહ અને રાજ્યના સહકાર મંત્રી જીતુ વાઘાણીને પણ રજૂઆત કરવામાં આવી છે. સાથે જ જિલ્લા રજિસ્ટ્રાર કચેરીની કામગીરી પર પણ સવાલો ઉઠાવવામાં આવ્યા છે.
આક્ષેપો બાદ આ વિવાદ હવે સ્થાનિક સ્તરથી લઈને રાજ્ય અને રાષ્ટ્રીય સ્તર સુધી ચર્ચાનો વિષય બન્યો છે. ભરત શીંગાળાએ કાયદાકીય લડત લડવાના સંકેતો આપતા મામલો વધુ ગરમાયો છે.

> **વિજય કોરાટ રાજકોટ માર્કેટિંગ યાર્ડના વાઈસ ચેરમેન અને ભાજપ પ્રદેશ કિસાન મોરચાના મંત્રી છે**


Bharat shingala
@Bharatshingala3
X.com
Show translation
સાહેબશ્રી
સહકાર ક્ષેત્રમાં જ લોકો અસહકાર ની નિતી સાથે ચાલી રહ્યા છે મારા મિત્ર વિજય કોરાટ કિશાન મોરચા ગુજરાત પ્રદેશ ભાજપા મંત્રી અને એપીએમસી રાજકોટ માર્કેટિંગ યાર્ડ ના વાઇસ ચેરમેન છે. જે સહકાર ની ભાવના થી વિમુખ થયા છે.સેવા સહકારી મંડળી મોટામવા માં ગેરરીતિ આચરી છે.@jitu_vaghani


શ્રી મોટા મોવા સેવા સહકારી મંડળી લી.

## મંડળીના પ્રમુખ વિજય કોરાટ સામે સત્તાનો દુરુપયોગ અને પરિવારવાદના ગંભીર આક્ષેપો

### તંત્ર સજ્જ: મહાપાલિકા અને તબીબી સંગઠ્ઠનો દ્વારા મેગા CME કાર્યક્રમ યોજાયો

# ચાંદીપુરા વાયરસ સામે રાજકોટનું 'મિશન એલર્ટ'

### આરોગ્ય અધિકારીએ ખાનગી ડોક્ટરોને અપીલ કરી કે શંકાસ્પદ કેસની તાત્કાલિક જાણ કરો



- **વાયરસની વહેલી ઓળખ અને સમયસર સારવાર પર અપાયુ માર્ગદર્શન**
- **ચાંદીપુરા વાયરસને નાથવા સરકારી અને ખાનગી ડોક્ટરોએ કમર કસી**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં ચાંદીપુરા વાયરસ (CHPV) ના જોખમને પગલે આરોગ્ય તંત્ર સક્રિય બન્યું છે. બાળકોમાં જોવા મળતા એક્યુટ એન્સેફેલાઈટિસ સિન્ડ્રોમ (AES) ના સમયસર નિદાન, સારવાર અને જનજાગૃતિના હેતુથી ગત તા. ૧૭-૦૭-૨૦૨૬ના રોજ રૈયા રોડ સ્થિત પૂજ્ય પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ ખાતે એક વિશેષ સતત તબીબી શિક્ષણ (CME) કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહત્વપૂર્ણ કાર્યક્રમ રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખા, ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA), ઈન્ડિયન એકેડેમી ઓફ પીડિયાટ્રિક્સ (IAP), ફિઝિશિયન એસોસિએશન અને પી.ડી.યુ. મેડિકલ કોલેજના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો, જેમાં બહોળી સંખ્યામાં શહેરના બાળરોગ નિષ્ણાતો, મેડિકલ ઓફિસરો અને RMCના આરોગ્ય અધિકારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં પી.ડી.યુ. મેડિકલ કોલેજના નિષ્ણાત તબીબો ડૉ. મનાલી વીરપરિયા, ડૉ. મધુલિકા મિસ્ત્રી અને ડૉ. ભાવેશ કાનાબાર દ્વારા ચાંદીપુરા વાયરસ અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. નિષ્ણાતો દ્વારા રોગની વહેલી ઓળખ, દર્દીનું સમયસર રિફરલ, અસરકારક સર્વેલન્સ અને સમુદાય સ્તરે અપનાવવાના નિવારક પગલાં તેમજ તાજેતરની માર્ગદર્શિકા અંગે સઘન ચર્ચા કરવામાં આવી હતી. આ તકે IMA રાજકોટના પ્રેસિડેન્ટ ડૉ. તેજસ કરમટા અને સેક્રેટરી ડૉ. બીરજુ મોરી, IAP ના પ્રેસિડેન્ટ ડૉ. કુણાલ આહિયા અને સેક્રેટરી ડૉ. સાવન વામજા તેમજ એસોસિએશન ઓફ ફિઝિશિયન્સના સેક્રેટરી ડૉ. ધ્રુવ કોટેચા સહિતના અગ્રણી હોદ્દેદારો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તમામ મહાનુભાવોએ આ વાયરસનો સામનો કરવા માટે આરોગ્ય વિભાગ અને ખાનગી તબીબો વચ્ચેના સંકલનને વધુ સુદ્રઢ બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

કાર્યક્રમના સમાપન પ્રસંગે રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારી ડૉ. જયેશ વકાણીએ ઉપસ્થિત તમામ તબીબોને ખાસ અપીલ કરી હતી. તેઓએ જણાવ્યું હતું કે ચાંદીપુરા વાયરસના કોઈપણ શંકાસ્પદ કેસની તાત્કાલિક જાણ તંત્રને કરવી અત્યંત આવશ્યક છે. આ ઉપરાંત, બાળકોને સમયસર સારવાર મળી રહે, લોકોમાં પૂરતી જનજાગૃતિ આવે અને રોગના અસરકારક સર્વેલન્સની કામગીરીમાં તમામ ખાનગી અને સરકારી તબીબો સક્રિયપણે સહભાગી બને તેવો અનુરોધ કરવામાં આવ્યો હતો, જેથી આ બીમારીને વકરતી અટકાવી શકાય.

### ગુજરાતમાં અત્યાર સુધીમાં 11 બાળકોનાં મોત


## જામનગરમાં ચાંદીપુરા વાયરસનાં બે શંકાસ્પદ કેસ

પંચમહાલ અને સાબરકાંઠા બાદ હવે જામનગરમાં પણ ચાંદીપુરા વાયરસના કેસ નોંધાયા છે. જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં હાલમાં દેવભૂમિ દ્વારકાના એક બાળક સહિત કુલ ૩ શંકાસ્પદ બાળદર્દી સારવાર હેઠળ છે, જે તમામની હાલત અત્યંત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. ગુજરાતમાં આ રોગચાળાને કારણે અત્યાર સુધીમાં ૧૧ બાળકનાં મોત નીપજ્યાં છે, જેમાં ૩ પોઝિટિવ અને ૮ શંકાસ્પદ બાળકનાં મોત થયા છે. જેના કારણે સમગ્ર રાજ્યનું આરોગ્ય તંત્ર એલર્ટ થઈ ગયું છે. ઉલ્લેખનીય છે કે, પંચમહાલમાં અને સાબરકાંઠામાં ૧૩-૧૩ કેસ નોંધાઈ ચૂક્યા છે.જામનગર શહેરમાં ચાંદીપુરા વાયરસના બે શંકાસ્પદ કેસ સામે આવ્યા છે. જેમાં શહેરના વોર્ડ નંબર ૬માં આવેલા ગણપતનગર વિસ્તારનો એક વર્ષનો બાળક અને ઢીંચડા રોડ પરના રવિ પાર્ક વિસ્તારના અન્ય એક બાળકનો સમાવેશ થાય છે. આ બંને બાળકને અત્યંત ગંભીર હાલતમાં હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા.

# રાજકોટમાં વધુ એક 'ભૂતિયા સ્કૂલ'નો પર્દાફાશ?

# પેડક રોડ પરની ન્યૂ ફ્લોરા સ્કૂલ પર ગંભીર આક્ષેપ

## ફાયર NOC અને BU સર્ટિફિકેટના કારણે સીલ કરાયેલી સ્કૂલ બાદ મંજૂરી વગર રહેણાંક મકાનમાં શાળા ધમધમતી હોવાનો આક્ષેપ




સ્કુલની મંજૂરી જે સ્થળે મળી છે તે બિલ્ડીંગ સીલ થયા બાદ ત્યાં પ્રિ–સ્કૂલ શરૂ




અત્યારે જ્યાં સ્કૂલ શરૂ છે તે મકાન

**સિટી ન્યૂઝ@શ્રીહરિકોટા**

RTE હેઠળ અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ પાસેથી ગેરકાયદેસર રીતે ફી માંગવા અને તેમની સાથે ભેદભાવ રાખવાના મુદ્દે રજૂઆત બાદ હવે રાજકોટની પેડક રોડ સ્થિત ન્યૂ ફ્લોરા ઈંગ્લિશ મિડિયમ સ્કૂલને લઈને વધુ એક ગંભીર મુદ્દો સામે આવ્યો છે. કોંગ્રેસના વિદ્યાર્થીનેતા રોહિતસિંહ રાજપૂતે જિલ્લા શિક્ષણ અધિકારીને લેખિત રજૂઆત કરીને આક્ષેપ કર્યો છે કે શિક્ષણ વિભાગે જે સ્થળ માટે શાળાને મંજૂરી આપી હતી તે બિલ્ડિંગને TRP ગેમઝોન અગ્નિકાંડ બાદ રાજકોટ મહાનગરપાલિકાએ ફાયર એનઓસી અને બિલ્ડિંગ યુઝ પરમિશનના અભાવે સીલ કરી દીધું હતું. તેમ છતાં શાળા સંચાલકોએ જિલ્લા શિક્ષણ વિભાગ પાસેથી સ્થળફેરની મંજૂરી લીધા વગર જ અન્ય એક રહેણાંક મકાનમાં શાળા શરૂ કરી દીધી છે તેવી માહિતી મળી છે જેથી તેની તપાસ કરવી અતિ આવશ્યક છે.

રજુઆતમાં જણાવાયું છે કે જો સ્થળફેરની પૂર્વ મંજૂરી વિના અન્ય સ્થળે શાળા ચલાવવામાં આવી હોય તો તે શિક્ષણ વિભાગના નિયમો અને શાળાની માન્યતાની શરતોનો ગંભીર ભંગ છે. આવા કિસ્સામાં શાળાની માન્યતા રદ કરવા સહિત જવાબદાર સામે ફોજદારી કાર્યવાહી કરવાની પણ જોગવાઈ છે. છતાં

**કોંગ્રેસના વિદ્યાર્થીનેતા રોહિતસિંહ રાજપૂતે જિલ્લા શિક્ષણ અધિકારીને કરી રજૂઆત : DEOએ તપાસ સોંપી**



આજદિન સુધી કોઈ કડક કાર્યવાહી ન થતાં અનેક સવાલો ઊભા થયા છે.

રોહિતસિંહ રાજપૂતે વધુમાં જણાવ્યું છે કે મહાનગરપાલિકા દ્વારા સીલ કરાયેલા બિલ્ડિંગમાં હાલમાં પ્રી-સ્કૂલ શરૂ કરવામાં આવી હોવાની પણ માહિતી મળી છે. જો સીલ કરાયેલા સ્થળે ફરી શૈક્ષણિક પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી હોય તો બિલ્ડિંગ યુઝ પરમિશન, ફાયર એનઓસી અને અન્ય કાયદાકીય મંજૂરીઓની પણ તપાસ થવી જરૂરી છે. આ બાબતે શિક્ષણ વિભાગ દ્વારા મહાનગરપાલિકાને જાણ કરી સંયુક્ત તપાસ કરાવવાની માંગ કરવામાં આવી છે.

રજુઆત સાથે બંને સ્થળોના મોબાઈલ વીડિયો પણ જિલ્લા શિક્ષણ અધિકારીને સોંપવામાં આવ્યા હોવાનું જણાવાયું છે. જેમાં એક વીડિયો સીલ કરાયેલા બિલ્ડિંગમાં ચાલતી પ્રી-સ્કૂલનો તથા બીજો વીડિયો અન્ય રહેણાંક મકાનમાં ચલાવવામાં આવતી શાળાનો હોવાનું જણાવાયું છે. રજૂઆતમાં આ બંને સ્થળોની તાત્કાલિક સ્પોટ વેરિફિકેશન કરી હકીકતો જાહેર કરવા માંગ કરવામાં આવી છે.

રોહિતસિંહ રાજપૂતે આક્ષેપ કર્યો છે કે અગાઉ RTE મુદ્દે રજૂઆત થયા બાદ પણ શિક્ષણ વિભાગે માત્ર તપાસની ખાતરી આપી હતી, પરંતુ જો મંજૂરી વગર અન્ય સ્થળે શાળા ચાલતી હોવા છતાં વિભાગ અજાણ રહ્યો હોય તો તે તપાસની કાર્યક્ષમતા સામે ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. તેમણે કહ્યું કે "જો શિક્ષણ વિભાગને મોબાઈલ વીડિયોથી હકીકત મળી શકે છે, તો વિભાગની નિયમિત તપાસ દરમિયાન આટલી મોટી ગેરરીતિ કેમ સામે આવી નહીં?

તેમણે જિલ્લા શિક્ષણ અધિકારીને સમગ્ર મામલે ઉચ્ચસ્તરીય તપાસ કરી શાળાની સ્થળફેરની મંજૂરી, માન્યતા, વિદ્યાર્થીઓના હિત અને તમામ કાયદાકીય જોગવાઈઓની ચકાસણી કરીને જવાબદાર સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. સાથે જ ચેતવણી આપી છે કે જો માત્ર તપાસના નામે કાર્યવાહી ટાળવામાં આવશે તો કોંગ્રેસ દ્વારા સમગ્ર મામલે ઉગ્ર આંદોલન અને "હલ્લાબોલ" કાર્યક્રમ આપવામાં આવશે.

## આટકોટમાં ડો.કેમિસ્ટાર કૃષિ મોલની સ્પષ્ટતા


# કૃષિ દવા Dippl-I-Dapની મેન્યુફેકચરિંગ તારીખમાં ટેકિનકલ ભુલને કારણે ખોટી છપાઈ !

## માલની ગુણવત્તામાં કોઈ કૌભાંડ નથીઃ ખેડુતો શંકા વગર ખરીદી કરે પ્રોડક્ટની ગુણવત્તામાં કોઈ ખામી નથી




સિટી ન્યૂઝ@રાજકોટ

આટકોટ સ્થિત ડો. કેમિસ્ટાર કંપનીએ કૃષિ પ્રોડક્ટની એક સ્પષ્ટતા કરી હતી કે સિટી ન્યૂઝમાં શુક્રવારે છપાયેલ Dippl-I-Dap પ્રોડક્ટના લેબલ પર દર્શાવેલ તારીખમાં કોઈ ભૂલ નથી પરંતુ ટેક્નિકલ અને માનવસહજ ભૂલને કારણે ખોટી તારીખ છપાઈ ગઈ હતી જેને કંપનીએ 'બોનાફાઈડ પ્રિન્ટિંગ મિસ્ટેક' ગણાવી છે. કંપનીએ સ્પષ્ટતા કરી છે કે પ્રોડક્ટની ગુણવત્તામાં કોઈ ખામી નથી અને તે તમામ સરકારી ધોરણો મુજબ જ તૈયાર કરવામાં આવી છે. દવામાં તારીખમાં ફેરફાર છે બાકી કૌભાંડ છે નહીં.
ડો. કેમિસ્ટારે દાવો કર્યો છે કે પ્રિન્ટિંગ ભૂલવાળા પ્રોડક્ટનો લોટ પહેલેથી જ બજારમાંથી પરત ખેંચી લેવામાં આવ્યો હતો. ખેડૂતોએ કોઈપણ ચિંતા વગર ખરીદી કરી શકે છે દવાની પ્રોડક્ટમાં માત્ર તારીખ ભૂલથી છપાયેલી છે. પણ ગુણવત્તામાં કોઈ કચાશ નથી ડર વગર આ કૃષિ પ્રોડક્ટ ખરીદી કરો ખેડૂતો જ અમારો વિશ્વાસ છે તેની સાથે કોઈ દિવસ છેતરપિંડી ના કરી શકે તેવી ખાતરી આપીએ છીએ.





સિટી ન્યૂઝ સૌરાષ્ટ્રનો ધબકાર... Saurashtra 03 | 17 JULY 2026, FRIDAY

લેબલમાં લૂંટ; આટકોટમાં નકલી કે શંકાસ્પદ દવાનો ધંધો બેફામ

**કૃષિ દવામાં કૌભાંડ; ખેડૂતો સાથે મોટો ખેલઃ મેન્યુફેકચરિંગ ડેટ નવેમ્બર 2026, વેંચાણ અત્યારે ચાલુ**

દવા કે ધોખો; Dippy L-DAPમાં ભવિષ્યની તારીખે ઉઠાવ્યા સવાલો



મેન્યુફેકચરીંગ ડેટમાં 01-11-2026 તારીખ નાખવામાં આવી છે જે હજુ આવી જ નથી જેથી આમાં તારીખોમાં ગોલમાલ કરાયાનો થયો પર્દાફાશ

**આ દવા ખાતર છે તેનાથી શું થાય ?**
- મૂળનો ઝડપી વિકાસ
- છોડને મજબૂત અને ઊંડા મૂળ આપે છે
- શરૂઆતમાં સારો ગ્રોથ (Early Growth)
- નવો પાક ઝડપથી ઉભો થાય અને સારી રીતે સેટ થાય
- ફૂલ અને ફળ વધારવા
- પાકમાં વધુ ફૂલ આવે અને ઉત્પાદન વધે
- પોષક તત્વોની ઉપલબ્ધતા વધારવી

**મેયરની સુચના બાદ 20 દિવસમાં આરોગ્ય વિભાગની રેકોર્ડબ્રેક કામગીરી**

# ભેળસેળખોરો સાવધાન; ફૂડ શાખા હવે ડબલ સ્પીડમાં કાર્યવાહી કરશે

## આરોગ્ય અધિકારી ડો. જયેશ વાંકાણીએ કહ્યું ઝૂબેશ હજુ વધુ સઘન બનાવવામાં આવશે અને નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે કડક પગલાં લેવાશે

**રાજકોટમાં 20 દિવસમાં આરોગ્ય શાખાએ 1100 પેઢીઓમાં ચેકિંગ કર્યુ**

**310 પેઢીઓને ભેળસેળ અને અનહાઈજેનિક પરિસ્થિતિઓ બદલ નોટિસ ફટકારવામાં આવી**

- **ગંભીર ગેરરીતિઓ કરતી 28 પેઢીઓને સીલ કર્યુ**
- **અલગ–અલગ પેઢીઓને ગંદકી બદલ 7 લાખનો દંડ ફટકારાયો**

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ શહેર અને જિલ્લામાં અખાદ્ય તથા ભેળસેળયુક્ત ખોરાક વેચનારાઓ સામે આરોગ્ય વિભાગે કડક ઝુંબેશ શરૂ કરી છે. છેલ્લા એક મહિનામાં શહેરભરમાં ૧૧૦૦થી વધુ પેઢીઓમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં ૩૧૦ પેઢીઓને ભેળસેળ અને અનહાઈજેનિક પરિસ્થિતિઓ બદલ નોટિસ ફટકારવામાં આવી છે.

આ ઝુંબેશ દરમિયાન ગંભીર ગેરરીતિઓ સામે આવતા કુલ ૨૮ પેઢીઓને સીલ કરવામાં આવી છે, જ્યારે અલગ અલગ પેઢીઓને મળીને અંદાજે ૭ લાખ રૂપિયાનો દંડ ફટકારાયો છે. મનપા દ્વારા સાડા પાંચ ટનથી વધુ અખાદ્ય અને વાસી ખોરાકનો નાશ પણ કરવામાં આવ્યો છે. ખાસ વાત એ છે કે આ કાર્યવાહી દરમિયાન શહેરની કેટલીક નામાંકિત હોટલો પર પણ કાર્યવાહી કરવામાં આવી હતી, જ્યાં મોંઘા ભાવે પીરસાતું ખોરાક પણ અખાદ્ય નીકળ્યું.


આ અંગે મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારી ડૉ. જયેશ વાંકાણીએ જણાવ્યું હતું કે આવનારા દિવસોમાં પણ આ ઝુંબેશ વધુ સઘન બનાવવામાં આવશે અને નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે કડક પગલાં લેવાશે.

શહેર ઉપરાંત જિલ્લામાં પણ આરોગ્ય વિભાગ સક્રિય બન્યું છે. ગોંડલના ગુંદાળામાં મસાલા ફેક્ટરી સહિત અનેક સ્થળોએ અખાદ્ય ખોરાકનો નાશ કરવામાં આવ્યો છે. આ મુદ્દે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે સંકલન બેઠક યોજાઈ હતી, જેમાં ભેળસેળ કરનારાઓ સામે કડક કાર્યવાહી અંગે ચર્ચા કરવામાં આવી હતી.

રાજકોટના ધારાસભ્ય રમેશ ટીલાળાએ જણાવ્યું હતું કે જિલ્લામાં ભેળસેળ કરનારાઓ સામે વધુ કડક કાર્યવાહી કરવાની સૂચનાઓ આપવામાં આવી છે અને આવનારા સમયમાં તાલુકા સ્તરે પણ તપાસ વધુ તેજ બનશે.



# મેઘપર ઝાલા ડબલ મર્ડર કેસમાં પ્રખર ધારાશાસ્ત્રી ભગીરથસિંહ ડોડીયા સ્પેશ્યલ પી.પી. નિયુક્ત



સિટી ન્યૂઝ@મોરબી

ટંકારાના મેઘપર ઝાલા ગામે રહેતા દિવિજયસિંહ પ્રતાપસિંહ ઝાલા દ્વારા તા.૯/૬/૨૬ ના રોજ ૩-૩૦ વાગ્યાના અરસામાં તેઓની ખેતીની જમીન કે જે તેઓના ગામ મેઘપર ઝાલા ખાતે આવેલ છે તે જમીનની માપણી કરવાની હોય જેથી તેઓ તથા માપણીવાળા કિર્તીભાઈ તેઓના નાનાભાઈ જયપાલસિંહ તેઓના દીકરા હર્ષવર્ધનસિંહ અને કાકાના દીકરા સંજયસિંહ બધા માપણી કરાવતા હતા ત્યારે તેઓની બાજુમાં આવેલ ખેતરવાળા મહેન્દ્રસિંહ શિવુભા ઝાલાના દીકરાએ મહાવીરસિંહ મહેન્દ્રસિંહ ઝાલા તથા તેજપાલસિંહ મહેન્દ્રસિંહ ઝાલાને બોલાવેલ હતા અને તે દરમ્યાન ફરીયાદી પાણી ભરવા જતા હતા અને સંજયસિંહ ચા બનાવતા હતા તે વખતે તેઓના ગામના મહેન્દ્રસિંહ શિવુભા ઝાલાના બંને દીકરા મોટરસાયકલ લઈને આવેલ અને શેઢેથી જોતા તેઓના ભાઈ જયપાલસિંહ તથા દીકરા હર્ષવર્ધનસિંહનાઓને છરી જેવા ઘાતક હથીયારોથી માર મારતા દેખાતા તેઓ ત્યાં દોડીને ગયેલ અને ત્યાં પહોંચતા આ મહાવીરસિંહ તથા તેજપાલસિંહ બંને મોટરસાયકલ લઈને ભાગી ગયેલ અને સ્થળ પર તેઓના દીકરા તથા ભાઈ લોહીલુહાણ હાલતમાં થઈ ગયેલ હતા. આ આરોપીઓ દ્વારા અમોના પુત્ર હર્ષવર્ધનસિંહ દિગ્વીજયસિંહ ઝાલા ને છરીના આડેધડ ૧૧ જેટલા ઝનુનપુર્વક ઘા મારી ઈજાઓ પહોંચાડી મૃત્યુ નીપજાવેલ હોય તથા અમોના ભાઈ જયપાલસિંહ પ્રતાપસિંહ ઝાલાને છરી વડે શરીર ઉપર આડેધડ ૧૮ જેટલા ઝનુનપુર્વક આડેધડ ઘા મારી મૃત્યુ નીપજાવેલ હતુ.ત્યારબાદ ફરીયાદીના ફોન માંથી ૧૦૮ માં ફોન કરેલ હતો અને ૧૦૮ આવી જતા ફરીયાદી તથા કૌટુંબીકભાઈ સંજયસિંહ ફરીયાદીના દીકરા તથા ભાઈને ટંકારા સરકારી હોસ્પીટલ ખાતે લઈ ગયેલ અને જયાં શરીરે ઘણીબધી ઈજાઓના કારણે બંને મરણ ગયેલ હતા. જે અંગેની ફરીયાદ મરણ જનારના ભાઈ તથા પિતા દિગ્વીજયસિંહ પ્રતાપસિંહ ઝાલા દ્વારા કરવામાં આવેલી હતી.ઉપરોકત ફરીયાદના અનુસંધાને મોરબી જિલ્લાના ટંકારા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૦૫૧૫/૨૯, તા.૯/૬/૨૦૨૬

» ફરિયાદીની રજૂઆત બાદ ગુજરાત સરકારે કેસની સુનાવણી માટે રાજકોટના ધારાશાસ્ત્રીની વિશેષ સરકારી વકીલ તરીકે નિમણૂક કરી

ના કામમાં બી.એન.એસ.ની કલમ ૧૦૩(૧), ૩(૫), તથા જી.પી.એકટની કલમ ૧૩૫ વિગેરે મુજબની ફરીયાદ દાખલ કરેલી અને (૧) મહાવીરસિંહ મહેન્દ્રસિંહ ઝાલા (૨) તેજપાલસિંહ મહેન્દ્રસિંહ ઝાલાની અટક કરવામાં આવેલી હતી.

ઉપરોકત કામમાં ફરીયાદી દ્વારા ગુજરાત સરકારમાં તેઓના આ કેસ માટે ખાસ સરકારી વકીલ એટલે કે સ્પેશ્યલ પી.પી.ની માંગણી કરવામાં આવેલ અને ગુજરાત સરકાર દ્વારા ઉપરોકત કેસ ચલાવવા માટે રાજકોટના પ્રખર ધારાશાસ્ત્રી ભગીરથસિંહ ડોડીયાની સ્પેશ્યલ પી.પી.ની નિમણુંક કરવામાં આવેલી હતી.

# ચકચારી હત્યા કેસમાં આરોપીની જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી

## જમીનના સોદાના બહાને અપહરણ, હત્યા બાદ લાશ સળગાવી દાટી પુરાવા નષ્ટ કરવાનો ગંભીર આક્ષેપ; કેસની ગંભીરતા ધ્યાને લઈ કોર્ટે જામીન નામંજૂર કર્યા

સિટી ન્યૂઝ@મોરબી

મોરબીના ચકચારી અને ચર્ચાસ્પદ હત્યા કેસમાં આરોપી રમેશ અરજણ અઘારાની જામીન અરજી મોરબી સેશન્સ કોર્ટે નામંજૂર કરી છે. આ કેસમાં જમીનના સોદાના બહાને તાજમહમદ કરીમ ભટ્ટીને બોલાવી અપહરણ કર્યા બાદ તેમની નિર્દયતાથી હત્યા કરવામાં આવી હતી. ત્યારબાદ લાશને સળગાવી દાટી તેના ઉપર સિમેન્ટનું કોંક્રિટ ધાબું બનાવી પુરાવા નષ્ટ કરવાનો ગંભીર અને સંવેદનશીલ આક્ષેપ સામે આવ્યો છે, જેને કારણે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી હતી.

કેસની વિગતો મુજબ, રિયાઝ તાજમહમદ ભટ્ટીએ મોરબી સિટી 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં બાલુ અઘારા, જીતેશ ઝાલરીયા, રમેશ અઘારા, વિશાલ વાગડીયા, ભાવેશ અઘારા, જયદીપ સેરસિયા અને થોભણ અઘારા સહિતના આરોપીઓ સામે પૂર્વયોજિત કાવતરું રચી ૧૯/૦૨/૨૦૨૬ના રોજ ભડિયાદ નજીક આવેલા ફાર્મ હાઉસ ખાતે હત્યા કરી લાશનો નાશ કર્યાનો આક્ષેપ કર્યો હતો. પોલીસે આ મામલે વિસ્તૃત તપાસ હાથ ધરી પુરતા પુરાવાઓ એકત્ર કર્યા બાદ ચાર્જશીટ રજૂ કરી છે. જામીન અરજીમાં આરોપી તરફે પોતાની સંડોવણી ન હોવાનો દાવો કરવામાં આવ્યો હતો અને પોતે નિર્દોષ હોવાનું રજૂ કરવામાં આવ્યું હતું. બીજી તરફ પોલીસ, સરકારી વકીલ અને ફરિયાદી પક્ષે દલીલ કરી હતી કે ગુનો અત્યંત ગંભીર સ્વરૂપનો છે અને તપાસ દરમિયાન આરોપીઓના નિવેદનના આધારે મૃતદેહના અવશેષો મળી આવ્યા હતા. ફોરેન્સિક તપાસ, પંચનામા, સાક્ષીઓના નિવેદનો અને અન્ય પુરાવાઓ પણ કેસને મજબૂત બનાવે છે તેવું રજૂ કરવામાં આવ્યું હતું.

બંને પક્ષોની દલીલો, કેસની પરિસ્થિતિ અને ઉપલબ્ધ પુરાવાઓને ધ્યાનમાં લઈને ઇન્ચાર્જ સત્ર ન્યાયાધીશ ભૂમિકા ચંદારાણાએ નોંધ્યું હતું કે ગુનાની ગંભીરતા, આરોપોની પ્રકૃતિ અને ઘટનાની રીતને જોતા આરોપીને જામીન પર મુક્ત કરવું ન્યાયના હિતમાં યોગ્ય નથી. તેથી વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરીને આરોપીની જામીન અરજી ફગાવી દેવાનો હુકમ કરવામાં આવ્યો હતો.

આ કેસમાં ફરિયાદી પક્ષે એડવોકેટ લલિતસિંહ શાહી, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચંદ્રકાંત દક્ષિણી, યોગેશ બારોટ, સુરેશ ફળદુ, મનીષ ગુરુંગ, નિશાંત જોષી, વિક્રમ નાડાર, પ્રશાંત સિંધવ તથા જીતેન્દુ અગેચાણિયા હાજર રહ્યા હતા, જ્યારે સરકાર પક્ષે જિલ્લા સરકારી વકીલ વિજય જાનીએ અસરકારક રીતે દલીલો રજૂ કરી હતી.



## અમરેલી, જામનગર અને વલસાડમાં ધોધમાર વરસાદ

# રાજકોટમાં વરસાદનું યલો એલર્ટ

### ગુજરાત ઉપર બે સિસ્ટમ સક્રિય, રાજ્યમાં 32% વરસાદની ઘટ

સિટી ન્યૂઝ@અમદાવાદ

ગુજરાતમાં વરસાદનો વધુ એક રાઉન્ડ શરૂ થયો છે. આજે ૩૬ તાલુકામાં સૌથી વધુ વલસાડના ધરમપુરમાં ૧ ઈંચ વરસાદ નોંધાયો છે. આજે ગુજરાતના છુટાછવાયા વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગ દ્વારા આગામી ત્રણ કલાક (૪ વાગ્યા સુધી) નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગર હવેલીમાં વીજળીના કડાકા સાથે ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. આ વિસ્તારોમાં ૪૦ કિમી પ્રતિકલાક ની ઝડપે પવન ફૂંકાવાની પણ શક્યતા છે.જ્યારે છોટાઉદેપુર, નર્મદા, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા, મહેસાણા, સુરેન્દ્રનગર, બોટાદ, ભાવનગર, અમરેલી, રાજકોટ, જૂનાગઢ અને ગીર સોમનાથમાં યલો એલર્ટ સાથે છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. આ સાથે જ માછીમારોને આજે દરિયો ન ખેડવા માટે સૂચના આપી છે.અમરેલી જિલ્લામાં આજે ફરી વરસાદી માહોલ જામ્યો છે. રાજુલા શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં સારો વરસાદ નોંધાતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. રાજુલા તાલુકાના હિંડોરણા, ભેરાઈ, કડિયાળી, પીપાવાવ ધામ સહિતના વિસ્તારોમાં વરસાદ વરસ્યો, જેના કારણે ખેડૂતો અને સ્થાનિકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો. બીજી તરફ લાઠી શહેરમાં પણ વરસાદી ઝાપટાં પડતાં ગરમીમાંથી લોકોને રાહત મળી છે.બીજી તરફ, વલસાડ શહેર અને જિલ્લાના કેટલાક છુટાછવાયા વિસ્તારોમાં મેઘરાજાના બીજા રાઉન્ડની શરૂઆત થતા સ્થાનિક લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો. ગીર સોમનાથના ઉનામાં પણ વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. જામનગરના જામજોધપુર તાલુકાના બુટાવદર ગામે મેઘરાજા ફરી એકવાર મન મૂકીને વરસતા ખેડૂતોમાં ખુશી વ્યાપી ગઈ છે. હાલ રાજ્યમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને મોન્સૂન ટ્રફ સક્રિય છે, જેના કારણે રાજ્યના કેટલાક વિસ્તારોમાં વરસાદી માહોલ જોવા મળી શકે છે. અમદાવાદમાં પણ આજે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

## યુપીમાં વરસાદનું એલર્ટ જાહેર

# અરૂણાચલ પ્રદેશનાં 35 ગામમાં લેન્ડ સ્લાઈડઃ 1 લાખ લોકો પ્રભાવિત




સિટી ન્યૂઝ@અરૂણાચલ પ્રદેશ

યુપીના લખનઉ, કાનપુર અને બારાબંકી સહિત તમામ ૭૫ જિલ્લાઓમાં વરસાદનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. વારાણસીમાં ગંગા નદીના જળસ્તરમાં ઝડપથી વધારો થયા બાદ ગંગા આરતીનું સ્થળ બદલવું પડ્યું છે. ઝાંસીમાં ૧૫ મિનિટના વરસાદ બાદ તાપમાન ૭ ડિગ્રી સુધી ઘટી ગયું.રાજસ્થાનમાં ચોમાસું હજુ પણ વિરામ પર છે. રાજ્યમાં અત્યાર સુધી સામાન્ય કરતાં ૨૧ ટકા ઓછો વરસાદ થયો છે. જ્યારે, મધ્યપ્રદેશના ભોપાલ અને ઇન્દોર સહિત ૪૪ જિલ્લાઓમાં શનિવારે વરસાદનું એલર્ટ છે.બંગાળની ખાડીમાં સક્રિય લો પ્રેશર એરિયા અને રાજસ્થાનમાં સક્રિય ચક્રવાતી પરિભ્રમણને કારણે આગામી દિવસોમાં વરસાદ વધુ વધી શકે છે. જ્યારે, અરુણાચલ પ્રદેશમાં સતત વરસાદને કારણે પૂર અને ભૂસ્ખલનની સ્થિતિ હજુ પણ ગંભીર બની રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં અપર સુબનસિરી જિલ્લાના ગિબા, નિલિંગ, ચેતમ અને દાપોરિજો સર્કલોના ૩૫ ગામોમાં ફ્લેશ ફ્લડ અને ભૂસ્ખલન થયું. પૂરથી અત્યાર સુધીમાં ૧,૧૩,૬૭૪ લોકો પ્રભાવિત થયા છે.

# રાજકોટમાં વરસાદ ખેંચાતા ઘાસચારાનું વિતરણ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ કલેક્ટર ઓફિસમાં આજે ૧૮ જુલાઈ સંકલનની બેઠક મળી હતી, જેમાં દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય રમેશ ટીલાળાએ કહ્યું- વરસાદ ખેંચાતા ખેડૂતોને ઘાસચારાનું વહેલી તકે વિતરણ ચાલુ કરી દેવાશે. રાજકોટ દક્ષિણના ધારાસભ્ય રમેશ ટીલાળાએ જણાવ્યું હતું કે, આજે રાજકોટ જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં સંકલનની મીટિંગ હતી, અને જે વરસાદ ખેંચાણો છે એના અનુસંધાને હું આપ સૌને જણાવું છું કે સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લાના અમુક વિસ્તારમાં વરસાદ ઓછો છે. જેથી ઘાસચારાની મુશ્કેલીના હિસાબે અહીંથી જે કાંઈ વીડીઓનો ઘાસચારો છે એનું વહેલી તકે વિતરણ ચાલુ કરી અને વધુ લોકોને સુવિધા મળે અને મુશ્કેલી ન પડે એના માટેની હવે અમે રાજ્ય સરકારમાં રજૂઆત કરી અને વહેલી તકે ઘાસચારો બધાને મળે એવા અમારા પ્રયત્ન છે. ખેડૂતો માટે અત્યારે સંકટના વાદળો છે તે માટે કોઈ આયોજન તેવું પૂછવામાં આવતા તેમણે જણાવ્યું કે,હા, ચોક્કસ. જ્યારે વરસાદ ખેંચાય ત્યારે આવું બનતું હોય અને રાજ્ય સરકાર અને કૃષિ વિભાગ એમાં ખૂબ એલર્ટ છે. મારે જીતુભાઈ વાઘાણી સાથે પણ ટેલિફોનિક વાત થઈ. જ્યાં જ્યાં મુશ્કેલી પડે ત્યાં સરકારે આપણને સાથ સહકાર આપવાની તૈયારી પણ દર્શાવી છે. અત્યારે મુખ્ય ઘાસચારાની મુશ્કેલી છે જેથી એના માટે વિતરણ વહેલું ચાલુ થાય એવી સરકારની તૈયારી છે.




# જૂનાગઢમાં 'ભૂતિયા સ્કૂલ' અને ડમી એડમિશનના નેટવર્કનો ભાંડાફોડ?

## નવોદય, બાલાચડી અને સૈનિક સ્કૂલની તૈયારીના નામે કેટલાક કોચિંગ ક્લાસોમાં વિદ્યાર્થીઓના શાળા છોડ્યાના દાખલા અન્ય શાળાઓમાં રાખવામાં આવતા હોવાની સૂત્રોની માહિતી; શિક્ષણ વિભાગ માટે ગંભીર તપાસનો વિષય

**સિટી ન્યૂઝ@જૂનાગઢ**

જસદણની આલ્ફા એકેડેમી પ્રકરણમાં સામે આવેલા ડમી સ્કૂલો અને વિદ્યાર્થીઓના રજિસ્ટ્રેશન સંબંધિત મુદ્દા બાદ હવે જૂનાગઢ જિલ્લામાં પણ કેટલાક કોચિંગ ક્લાસોને લઈને અનેક સવાલો ઉભા થયા છે. સૂત્રોના જણાવ્યા મુજબ નવોદય વિદ્યાલય, બાલાચડી સૈનિક સ્કૂલ તથા અન્ય સ્પર્ધાત્મક પ્રવેશ પરીક્ષાઓની તૈયારી કરાવતા કેટલાક કોચિંગ ક્લાસોમાં વિદ્યાર્થીઓને નિયમિત શાળામાં અભ્યાસ કરાવવાના બદલે તેમના શાળા છોડ્યાના દાખલા (લિવિંગ સર્ટિફિકેટ) અન્ય શાળાઓમાં રાખીને શિક્ષણ આપવામાં આવતું હોવાની ચર્ચા ચાલી રહી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ છેલ્લા ઘણા વર્ષોથી આ પ્રકારની વ્યવસ્થા હેઠળ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. દર વર્ષે સેંકડો વાલીઓ પોતાના બાળકોને પ્રવેશ પરીક્ષાની તૈયારી માટે આવા કોચિંગ ક્લાસોમાં દાખલ કરે છે. જો કે, વિદ્યાર્થીઓનું શૈક્ષણિક રજિસ્ટ્રેશન અને હાજરી કઈ શાળામાં નોંધાય છે તથા રાજ્ય સરકારના નિયમોનું પાલન થાય છે કે નહીં, તે અંગે અનેક પ્રશ્નો ઊભા થયા છે.

જસદણની આલ્ફા એકેડેમીનો મામલો સામે આવ્યા બાદ જૂનાગઢના કેટલાક કોચિંગ સંચાલકોમાં પણ ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. કેટલાક કોચિંગ ક્લાસોએ અભ્યાસ ઓનલાઈન શરૂ કર્યો હોવાની, જ્યારે કેટલાકે એક અઠવાડિયા જેટલી રજા જાહેર કરી હોવાની ચર્ચા છે. જોકે, આ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ ઉપલબ્ધ નથી.

સૂત્રોના જણાવ્યા મુજબ ૮થી ૧૦ વર્ષના નાના બાળકોને રહેણાંક પ્રકારની વ્યવસ્થામાં રાખીને લાંબા કલાકો સુધી પ્રવેશ પરીક્ષાની તૈયારી કરાવવામાં આવે છે. વાલીઓ બાળકોના ભવિષ્યની આશાએ લાખો રૂપિયાની ફી ચૂકવે છે, પરંતુ સમગ્ર વ્યવસ્થા શિક્ષણ વિભાગના નિયમો મુજબ ચાલી રહી છે કે કેમ, તે હવે તપાસનો વિષય બન્યો છે.

સ્થાનિક સ્તરે એવી પણ ચર્ચા છે કે કેટલાક કોચિંગ ક્લાસોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના શાળા છોડ્યાના દાખલા અન્ય ખાનગી શાળાઓમાં રાખવામાં આવે છે, જેથી નિયમિત શાળામાં હાજરી વિના માત્ર કાગળ પર શાળામાં અભ્યાસ દર્શાવી શકાય. જો આ પ્રકારની વ્યવસ્થા સાચી સાબિત થાય, તો તે રાજ્યની શિક્ષણ વ્યવસ્થા માટે ગંભીર ચિંતાનો વિષય બની શકે છે.

સૂત્રોના જણાવ્યા મુજબ નીચે દર્શાવેલી સંસ્થાઓમાં પણ શિક્ષણ વિભાગ દ્વારા તપાસ કરવામાં આવે તો સમગ્ર હકીકત સામે આવી શકે છે.

- એચ.કે. વિરડા ક્લાસીસ, મધુરમ વિસ્તાર અંદાજે 300 વિદ્યાર્થીઓ.
- વિશ્વા ક્લાસીસ, મધુરમ વિસ્તાર (ભરાડ સ્કૂલ સામે) અંદાજે ૨૫૦ વિદ્યાર્થીઓ.
- સંસ્કાર ક્લાસીસ, ધોરાજી બાયપાસ રોડ ૮૦૦થી વધુ વિદ્યાર્થીઓ.
- કિંગ નવોદય, વડાલ ફાટક પાસે અંદાજે ૧૨૫ વિદ્યાર્થીઓ.
- કિંગ નવોદય (મોતીબાગ પાસે) અંદાજે ૨૫૦ વિદ્યાર્થીઓ.
- નચિકેતા ક્લાસીસ, ટીંબાવાડી અંદાજે ૧૦૦ વિદ્યાર્થીઓ.

શિક્ષણ ક્ષેત્રના જાણકારોનું માનવું છે કે જો વિદ્યાર્થીઓના રજિસ્ટ્રેશન, હાજરી, શાળા છોડ્યાના દાખલા અને કોચિંગ ક્લાસોની કામગીરી અંગે રાજ્યવ્યાપી તપાસ હાથ ધરવામાં આવે, તો અનેક ચોંકાવનારી હકીકતો સામે આવી શકે છે. જસદણમાં સામે આવેલા પ્રકરણ બાદ હવે સમગ્ર રાજ્યમાં આવા મોડલ પર ચાલતી સંસ્થાઓ અંગે પણ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે.

**નવી ઓળખ નવુ વિઝન** | **નામ ભલે બદલાયું પરંતુ જુનો વિશ્વાસ, સમાન મૂલ્યો અને ઉત્કૃષ્ટ સેવાઓ પહેલાની જેમ જ અકબંધ રહેશે**

# સ્વામિ મેડિસિન્સ & સર્જિકલ્સ હવે બન્યું સ્પેક્ટ્રાજીન








## ડાયગ્નોસ્ટિક ક્ષેત્રે એક નવા અધ્યાયની શરૂઆત

**સિટી ન્યૂઝ@રાજકોટ**

લેબોરેટરી સોલ્યુશન્સ ક્ષેત્રે વિશ્વાસપાત્ર નામ ધરાવતું 'સ્વામી મેડિસિન્સ એન્ડ સર્જિકલ્સ' હવે પોતાની બ્રાન્ડને એક નવી અને વૈશ્વિક ઓળખ આપવા જઈ રહ્યું છે.

કંપનીએ સત્તાવાર રીતે જાહેરાત કરી છે કે તેઓ હવે 'સ્પેક્ટ્રાજીન' (SpectraGene - Powering Diagnostic Excellence) ના નવા નામ અને વધુ વ્યાપક વિઝન સાથે આગળ વધશે. આ ઐતિહાસિક બ્રાન્ડ ટ્રાન્ઝિશનની ઉજવણી કરવા માટે ૧૮ જુલાઈ, ૨૦૨૬ ના રોજ શનિવારે સવારે ૧૦:૦૦ વાગ્યાથી રાજકોટના ન્યુ જાગનાથ વિસ્તારમાં આવેલા "રાધે" ખાતે એક ભવ્ય લૉન્ચ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું જ્યાં આ નવી ઓળખનું સત્તાવાર અનાવરણ થયું હતું.

આ નવા પરિવર્તન સાથે કંપનીએ પોતાના ગ્રાહકોને ખાતરી આપી છે કે નામ ભલે બદલાયું હોય, પરંતુ તેમનો જૂનો વિશ્વાસ, સમાન મૂલ્યો અને ઉત્કૃષ્ટ સેવાઓ પહેલાની જેમ જ અકબંધ રહેશે. 'સ્પેક્ટ્રાજીન' હેઠળ હવે ગ્રાહકોને ડાયગ્નોસ્ટિક સોલ્યુશન્સની વધુ વિશાળ શ્રેણી અને અત્યાધુનિક (Innovative) ટેકનોલોજીનો લાભ મળશે. આ ઉપરાંત, કંપની દરેક તબક્કે વધુ વિશ્વસનીય સપોર્ટ અને મજબૂત ભાગીદારી પૂરી પાડવા માટે કટિબદ્ધ છે, જેથી આરોગ્ય અને નિદાન ક્ષેત્રે ગ્રાહકોને બહેતર અને ચોક્કસ પરિણામો મળી શકે. રાજકોટ ખાતે યોજાનારા આ વિશેષ લોન્ચિંગ કાર્યક્રમમાં બ્રાન્ડ અનાવરણની સાથે ગ્રાહકો માટે કેટલીક આકર્ષક લૉન્ચ ઑફર્સ પણ રજૂ કરવામાં આવી હતી. આ ઈવેન્ટ મેડિકલ અને ડાયગ્નોસ્ટિક ક્ષેત્રના નિષ્ણાતો અને સહકર્મીઓને એકબીજા સાથે જોડાવવા (Networking) માટેનું એક ઉત્તમ પ્લેટફોર્મ પૂરું પાડશે.

નોંધનીય છે કે, 'સ્પેક્ટ્રાજીન' માત્ર રાજકોટ પૂરતું સીમિત ન રહેતા અમદાવાદ અને સુરતમાં પણ પોતાની મજબૂત ઉપસ્થિતિ ધરાવે છે, અને આ નવા રૂપાંતરણ સાથે તેઓ સમગ્ર ગુજરાતમાં પોતાની શ્રેષ્ઠ સેવાઓનો વ્યાપ વધુ વિસ્તારવા માટે સજ્જ છે ત્યારે આ કંપનીનાં મોભી જેનિશ વસાણીને ઠેર-ઠેરથી શુભેચ્છાઓ મળી રહી છે.

### અરજદાર પરેશ ગોસાઈને કહ્યું

# નાગેશ્વર જ્યોર્તિલિંગ મંદિરના 700 કરોડના ભ્રષ્ટાચારની તપાસ ACBને સોંપાઈ

## ભ્રષ્ટાચારના આરોપી તપાસ એન્ટી કરપ્શન બ્યૂરો સુધી પહોંચતા નવા ધડાકા–ભડાકા થવાની શક્યતા !



**સિટી ન્યૂઝ@દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાનાં શ્રી નાગેશ્વર જ્યોતિર્લિંગ મંદિરનાં ટ્રસ્ટીઓ વિરુદ્ધ લેન્ડ ગ્રેબિંગની રજૂઆત તથા ટ્રસ્ટીઓ દ્વારા સરકારી જમીન પર કબ્જો કરી મંદિરનાં વહીવટનાં નામે ૭૦૦-૮૦૦ કરોડનો ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો હોવાનાં આરોપ સાથે અનેક રજૂઆતો થઇ હતી જેમાં સમયાંતરે નવા નવા હુકમો થઇ રહ્યા છે.આ પ્રકરણમાં હવે એન્ટી કરપ્શન બ્યુરો ગાંધીનગરને તપાસ સોંપવામાં આવી હોવાનો પ્રત્યુત્તર અરજદાર પરેશભારથી કેશુભારથી ગોસાઈ ને પાઠવવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે એન્ટી કરપ્શન બ્યુરો ભ્રષ્ટાચાર ડામવા માટે કાર્યરત  ખાસ વિભાગ છે અને સરકારી અધિકારીઓ વિરુદ્ધ પણ કડક કાર્યવાહી કરવા જાણીતી છે ત્યારે નાગેશ્વર જ્યોતિર્લિંગ મંદિરનાં ટ્રસ્ટીઓ વિરુદ્ધ લાગેલા ૭૦૦ કરોડથી વધુનાં ભ્રષ્ટાચારનાં આરોપોની તપાસનો મામલો હવે એન્ટી કરપ્શન બ્યુરો સુધી પહોંચતા આ પ્રકરણમાં ધડાકા થવાની સંભાવના જોવાઈ રહી છે.

### કોમ્પ્યુટર કલાસીસમાંથી પરત ઘરે જતી વેળાએ કરુણાંતિકા

# શાપરના ગુંદાસરા પાસે રોડ રોલરની ઠોકરે નવાગામ આણંદપરના બે મિત્રોના મોત

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શાપર-વેરાવળ હાઈવે પર આવેલા ગુંદાસરા ગામ નજીક જીવલેણ અકસ્માત સર્જાયો હતો. નવાગામ આણંદપરમાં રહેતા અને ધોરણ-૧૨ પાસ કર્યા બાદ શાપર ખાતે કોમ્પ્યુટરના ક્લાસીસમાં જતા બે મિત્રો- જતીન છગનભાઈ સરવૈયા (ઉ.વ. ૧૮) અને બળદેવ ખોડુભાઈ સેજાણી-કોળી (ઉ.વ. ૧૭)-આજે સવારે ૯ થી ૧૨ વાગ્યાનો ક્લાસ પૂર્ણ કરી પોતાની બાઈક પર નવાગામ ઘરે પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન ગુંદાસરા નજીક રોડ પર રોડરોલરે તેમની બાઇકને ટક્કર મારતા બંને મિત્રો ફંગોળાઈને રોડ પર પટકાયા હતા અને બાઈકનો કૂચડો બોલી ગયો હતો. અકસ્માતને પગલે ઘટનાસ્થળે લોકટોળાં એકત્ર થઈ ગયા હતા અને તુરંત ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. જોકે, હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબોએ બંને યુવાનોને મૃત જાહેર કરતા હોસ્પિટલ ચોકીના સ્ટાફે શાપર પોલીસને જાણ કરી હતી. બનાવના પગલે પીએસઆઈ પંડયા સહિતના સ્ટાફે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી તપાસ હાથ ધરતા મૃતક જતીન સરવૈયાના પિતા હયાત ન હોય, તે બે ભાઈ અને એક બહેનમાં મોટો હતો અને સમગ્ર ઘરનો આધારસ્તંભ હતો. જ્યારે તેનો પરમ મિત્ર બળદેવ ખેતમજૂરી કરતા પિતાનો પુત્ર હતો. બે-બે યુવાનોના અકાળે મોતથી નવાગામ આણંદપર વિસ્તારમાં શોકની કાલીમા છવાઈ ગઈ છે.

# પિડીતાની પરા પીપળીયાના વિધર્મી શખ્સ સામે ફરિયાદ

## રાજકોટની કિશોરીને લગ્ન કરવાની લાલચ આપી દુષ્કર્મ આચર્યું

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં રહેતી કિશોરીનો પરિચય કેળવી લગ્ન કરવાની લાલચ આપી આરોપી મૂળ જામનગરના હાલ પરાપીપળીયા ખાતે રહેતા શાહરૂખ બશીરભાઈ જામએ ઘરે તેમજ અલગ-અલગ હોટલમાં લઈ જઈ દુષ્કર્મ આચર્યું હતું. કિશોરી પુખ્ત વયની થયા બાદ તેને તરછોડી દેતા ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. ભોગ બનનાર પિડીતાએ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ૨૦૨૩માં તે સગીર વયની હતી તે સમયે જામનગરમાં આરોપીએ તેનો પરિચય કેળવ્યો હતો. બાદમાં આરોપી શાહરૂખ પરાપીપળીયા રહેવા આવ્યો હતો. ત્યારે ભોગ બનનારનો સંપર્ક કરી તેને ભોળવી પ્રેમજાળમાં ફસાવી લગ્ન કરવાની લાલચ આપી હતી. અવાર-નવાર તેના ઘરે આવતો હતો. ત્યારે તે તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. બાદમાં તેને અલગ-અલગ હોટલોમાં લઈ જઈ અવારનવાર દુષ્કર્મ આચરચ્યું હતું. ભોગ બનનાર પિડીતા પુખ્ત વયની થયા બાદ લગ્ન કરવાનું કહેતા આરપીઓ ના પાડી તરછોડી દીધી હતી. અંતે તેણે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

**કેસમાં નવો એંગલ; પોલીસને તપાસમાં ચોંકાવનારા ફૂટેજ મળ્યા**

# સિયા અને ચેતન ફ્રી સેક્સ ગ્રુપ ચલાવતા હતા






## ચારથી પાંચ હોટલમાં મિત્રો સાથે રંગરેલીયા મનાવતા

**સિટી ન્યૂઝ@પુણે**

પુણેના બિઝનેસમૅન કેતન અગ્રવાલની હત્યાના કેસમાં પુણે ગ્રામીણ પોલીસ ઝીણવટભરી તપાસ કરી રહી છે અને એમાં રોજેરોજ નવા ખુલાસા થઈ રહ્યા છે. સિયા ગોયલ અને ચેતન ચૌધરીને તેમની કસ્ટડી પૂરી થતાં જેલમાં વિડિયો-કૉન્ફરન્સિંગથી હાજર કરવામાં આવ્યાં હતાં. કોર્ટે તેમની જેલ-કસ્ટડી ૧૪ દિવસ લંબાવી આપી હતી.

આ કેસની આરોપી અને કેતનની મંગેતર સિયા ગોયલ અને તેના પ્રેમી ચેતનના અન્ય ફ્રેન્ડ્સ પણ હતા અને તેઓ ફ્રી સેક્સ-ગ્રુપ ચલાવતા હોવાની માહિતી સામે આવી છે.


કેસની તપાસ કરી રહેલી પોલીસને તપાસ દરમ્યાન ૪-૫ હૉટેલનાં ઍડ્રેસ મળ્યાં હતાં ત્યાં જઈને તપાસ કરતાં અને CCTV કૅમેરાનાં ફુટેજની ચકાસણી કરતાં નવી જ વસ્તુ જાણવા મળી હતી.

એક હૉટેલના CCTV કૅમેરાનાં ફુટેજની ચકાસણીમાં જોવા મળ્યું કે પહેલાં ચેતન સિયા સાથે હૉટેલની એક રૂમમાં ગયો. એ પછી એક-દોઢ કલાક રહીને સિયા ત્યાંથી નીકળી ગઈ. ત્યાર બાદ ચેતન બીજી એક ફ્રેન્ડ સાથે એ જ રૂમમાં ગયો. તપાસમાં એવું જાણવા મળ્યું છે કે ચેતન અને સિયા ફ્રી સેક્સ-ગ્રુપ ચલાવતાં હતાં.

**સિયા અને ચેતને સોપારી કિલરનો સંપર્ક કર્યો હતો**

# સોપારી કિલરે કેતનની મારવાની ના પાડી હતી

## પોલીસ પાસે સોપારી કિલર સાથે કરેલી મુલાકાતના ફૂટેજ; હવે કિલર સિયા-ચેતન વિરુધ્ધ સાક્ષી બનશે



પુણેના કેતન અગ્રવાલ મર્ડર કેસમાં તપાસ દરમિયાન કેટલાક વધુ ચોંકાવનારા ખુલાસા થયા છે. તપાસમાં જાણવા મળ્યું છે કે મુખ્ય આરોપી સિયા ગોયલ અને ચેતન ચૌધરીએ કેતન અગ્રવાલની હત્યા માટે એક સુપારી કિલરનો પણ સંપર્ક કર્યો હતો. પરંતુ કેતન વિશે જાણ્યા પછી સુપારી કિલર ડરી ગયો હતો અને તેણે સુપારી લેવાની ના પાડી દીધી હતી. સિયા અને ચેતને આ વ્યક્તિને પુણેની એક હોટલમાં બોલાવ્યો હતો.

પોલીસે તે હોટલના સીસીટીવી ફૂટેજ પણ મેળવી લીધા છે. હવે આ જ સુપારી કિલરનું સાક્ષી તરીકે નોંધાયેલું નિવેદન સિયા અને ચેતનને આ મામલે કડક સજા અપાવવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે.

પોલીસના જણાવ્યા અનુસાર, તપાસ દરમિયાન વધુ એક ખુલાસો થયો છે કે ધરપકડની આશંકાને જોતા સિયા અને ચેતને લગભગ બે કલાક લાંબા જાપાની વીડિયો જોયા હતા. આ વીડિયોમાં પોલીસ પૂછપરછ દરમિયાન શાંત રહેવું, હાવભાવ નિયંત્રિત રાખવા અને પ્રશ્નોના જવાબ કેવી રીતે આપવા તેની માહિતી આપવામાં આવી હતી. બંને આરોપીઓની વેબ હિસ્ટરીમાંથી આ વીડિયોની લિંક પણ મળી આવી છે. આરોપ છે કે ૧૮ જૂને સિયા અને ચેતને કેતનને પુણેના લોહગઢ કિલ્લા પરથી ૪૦૦ ફૂટ ઊંડી ખીણમાં ધક્કો મારી દીધો હતો. કેતનનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. હાલ સિયા અને ચેતન ૧૬ જુલાઈ સુધી યરવડા જેલમાં ન્યાયિક કસ્ટડીમાં છે.

પોલીસને સિયા અને ચેતનના લગ્નની બે તસવીરો પણ મળી છે, જેની સત્યતાની તપાસ કરવામાં આવી રહી છે. તપાસમાં જાણવા મળ્યું છે કે સિયા અને ચેતને વર્ષ ૨૦૨૫માં રાજસ્થાનના ખાટુ શ્યામ મંદિરમાં ગુપ્ત રીતે લગ્ન કર્યા હતા. આ સંબંધમાં પુણે ગ્રામીણ પોલીસની ટીમ મંદિરે પહોંચી અને ત્યાંના સીસીટીવી ફૂટેજ માંગ્યા છે.

# પ્રેમમાં અંધ બેવફા પત્નિઓ...!

### યુપીના મેરઠની ઘટના

## પત્નીએ પતિને દૂધમાં ઊંઘની ગોળી બાદ બેડમાં સાપ છોડ્યો !





### પતિ સ્કૂલ સંચાલક હતો પત્નિને સ્કૂલવાન ડ્રાઈવર સાથે પ્રેમ થયો : પત્ની, પ્રેમી અને મદારીની ધરપડ કરતી પોલીસ

**સિટી ન્યૂઝ@મેરઠ**

યુપીના મેરઠમાં સ્કૂલ સંચાલકના મોત મામલે પોલીસે સનસનાટીભર્યો ખુલાસો કર્યો છે. પત્નીએ પોતાના પ્રેમી સ્કૂલ વાનના ડ્રાઈવર સાથે મળીને સ્કૂલ સંચાલક પતિને રસ્તામાંથી હટાવવા માટે હત્યાનું કાવતરું ઘડ્યું. પહેલા પતિને દૂધમાં ઊંઘની ગોળીઓનો ઓવરડોઝ આપ્યો, પછી ઝેરી સાપ તેના બેડ પર છોડીને કરડાવ્યો. પોલીસે પત્ની, પ્રેમી અને બે મદારીઓ સહિત ૪ લોકોની ધરપકડ કરી છે.

શુક્રવારે સવારે ૬ વાગ્યે સ્કૂલ સંચાલક પતિનો મૃતદેહ ભાડાના મકાનના રૂમમાં બેડ પર મળ્યો. પછી પત્ની અને પરિવારના લોકો મૃતદેહ લઈને હોસ્પિટલ પહોંચ્યા, ડોકટરોએ મૃત જાહેર કર્યો. ઘટના બાદ પરિવારજનોએ પત્ની પર સાપ કરડાવીને હત્યા કરવાનો આરોપ લગાવ્યો છે. પોલીસે પત્નીને કસ્ટડીમાં લઈને પૂછપરછ પણ કરી. કોલ ડિટેલ તપાસતા ડ્રાઈવરની વધુ વાતચીત પર શંકા ગઈ. આ પછી ડ્રાઈવરે આખી ઘટના કબૂલી લીધી.

પત્નીએ પોલીસની પ્રાથમિક પૂછપરછમાં જણાવ્યું કે તે રાત્રે લગભગ ૨ વાગ્યે તેના ૬ વર્ષના પુત્રને લઈને બીજા રૂમમાં સૂવા ગઈ હતી. સવારે જ્યારે રૂમમાં પહોંચી, ત્યારે પતિ બેડ પર ચાદર ઓઢીને સૂતા હતા. ઘણી વાર અવાજ કરવા છતાં કોઈ હલચલ ન થઈ, તો પત્નીએ ચાદર હટાવી. ત્યાં એક સાપ જોઈને તે ચીસ પાડી ઉઠી.

તપાસમાં તેમના જમણા પગ પર સાપ કરડવાના નિશાન મળ્યા. મૃતકના પરિવારજનોએ પત્ની પર ષડયંત્ર રચવાનો આરોપ લગાવીને પોલીસમાં ફરિયાદ કરી.

તપાસ દરમિયાન પોલીસે દામિનીના મોબાઈલની કોલ ડિટેલ અને ટેકનિકલ પુરાવાઓની તપાસ કરી. જેમાં સ્કૂલ વાનનો ડ્રાઈવર તુષાર ઉર્ફે નિક્કી સાથે તેની સતત વાતચીત થતી હોવાનું સામે આવ્યું. પોલીસે તુષારની કડક પૂછપરછ કરતા તેણે જણાવ્યું કે તેના દામિની સાથે પ્રેમ સંબંધ હતા. બંનેએ અતુલની હત્યાનું કાવતરું ઘડ્યું હતું. યોજના હેઠળ ગુરુવારે રાત્રે અતુલને દૂધમાં ઊંઘની ગોળીઓનો ઓવરડોઝ આપવામાં આવ્યો, જેનાથી તે ગાઢ નિંદ્રામાં સરી પડ્યો. ત્યારબાદ સોનુ અને ઉદયની મદદથી ઝેરી સાપને રૂમમાં લાવીને તેના બેડ પર છોડી દેવામાં આવ્યો, જેનાથી સાપે અતુલને ડંખ માર્યો અને તેનું મૃત્યુ થયું.



### આંધ્રપ્રદેશની હૃદય કંપાવનારી ઘટના

## પત્નિ પતિને મંદિર જવાનું કહી જંગલમાં લઈ જઈ પ્રેમી સાથે મળી હત્યા કરી

### લગ્ન પહેલાં જ પત્નિનું તેના ગામમાં યુવાન સાથે અફેર હતું


**સિટી ન્યૂઝ@મેરઠ**

પવિત્ર મંદિર જવાનું બહાનું કાઢીને પત્ની પતિને જંગલ તરફ લઈ ગઈ અને ઈશારો કરીને પ્રેમી પાસે ક્રૂર હત્યા કરાવી. આ ઘટના સાથે જ બે વર્ષના લગ્નજીવનનો કરુણ અંત આવ્યો છે. આ સમગ્ર મામલો શાંતિપુરમ મંડળના બોચિનપલ્લી ગામનો છે. અહીં રહેતી હસિની (૧૯ વર્ષ)ના લગ્ન વર્ષ ૨૦૨૪માં તમિલનાડુના શૂલાગિરીના રહેવાસી રમેશ (૨૩ વર્ષ) સાથે થયા હતા. આ દંપતીને એક વર્ષની દીકરી પણ છે. પોલીસના જણાવ્યા અનુસાર, લગ્ન પહેલાથી જ હસિનીનું તેના વતનના વિસ્તારના યુગંધર (૨૦ વર્ષ) નામના યુવક સાથે પ્રેમ પ્રકરણ (એક્સ્ટ્રામેરિટલ અફેર) ચાલી રહ્યું હતું. પતિને રસ્તામાંથી હટાવવા માટે હસિનીએ પ્રેમી યુગંધર સાથે મળીને આ ખોફનાક કાવતરું ઘડ્યું હતું. ૧૪ જુલાઈના રોજ હસિનીએ પતિ રમેશને ગુડુપ્પલ્લે મંડળના મલ્લાપ્પા કોંડા સ્થિત શ્રી મલ્લેશ્વર સ્વામી મંદિર જવા માટે રાજી કર્યો. આખો પરિવાર મોટરસાઇકલ પર સવાર થઈને નીકળ્યો હતો. મંદિરના રસ્તે ત્રીજા હેરપિન બેન્ડ (તીવ્ર વળાંક) પર હસિનીએ



**પત્નિ અને પ્રેમી પતિએ જંગલમાં લઈ ગઈ પથ્થરોથી માથું કચડી મોતને ઘાટ ઉતારી દેવાયો**

જાણીજોઈને પોતાની હેન્ડબેગ નીચે પાડી દીધી. રમેશ મોટરસાઇકલ રોકીને બેગ ઉઠાવવા નીચે ઉતર્યો. આ તકનો લાભ લઈને ત્યાં સંતાયેલા યુગંધર અને તેના સાથીદારો બહાર આવ્યા. ડરી ગયેલો રમેશ જંગલ તરફ ભાગ્યો, પરંતુ આરોપીઓએ આશરે ૧૦૦ મીટર સુધી જંગલમાં તેનો પીછો કર્યો અને તેને પકડી લીધો.



## ગૌરી સ્પ્રેટ સાથેના લગ્નને લવ જેહાદ ગણાવ્યા

# આમિર ખાનને લૉરેન્સ ગેંગની ધમકી




બોલિવૂડ એક્ટર આમિર ખાનને લૉરેન્સ ગેંગ તરફથી જાનથી મારી નાખવાની ધમકી મળ્યાના સમાચાર છે. રિપોર્ટ અનુસાર, ગેંગે આમિર ખાનના ૫ જુલાઈના રોજ થયેલા ગૌરી સ્પ્રેટ સાથેના લગ્નને લવ જેહાદ ગણાવ્યા છે. 'આજ તક'ની રિપોર્ટ અનુસાર, શનિવારે લૉરેન્સ ગેંગ તરફથી એક પત્ર અને ઓડિયો નોટ જાહેર કરવામાં આવી છે. પત્ર આરઝુ બિશ્નોઈ અને ટાયસન બિશ્નોઈના નામથી આપવામાં આવ્યો છે. પત્રમાં લખવામાં આવ્યું છે કે, 'જેઓ આપણા દેશની સંસ્કૃતિ વિરુદ્ધ, આપણા દેશમાં લવ જેહાદના નામે આમિર ખાન જેવા લોકોને પ્રોત્સાહન આપી રહ્યા છે, અમે તેમને સહન નહીં કરીએ.' ગેંગ તરફથી લખવામાં આવ્યું છે કે, 'જલદી જ તેનો જવાબ આપવામાં આવશે. આ દેશ અને સંસ્કૃતિ વિરુદ્ધ છે, જે કોઈ પણ તેનું સમર્થન કરશે, તેને જલદી જ ગેંગ તરફથી જવાબ મળશે.' સિટી ન્યુઝ આ દાવાઓની પુષ્ટિ કરતું નથી. સમાચાર લખાયા ત્યાં સુધી મુંબઈ પોલીસ તરફથી આ અંગે કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી. આમિરની ટીમ તરફથી પણ કોઈ નિવેદન સામે આવ્યું નથી.

સિટી ન્યૂઝ
રાષ્ટ્રનો ધબકાર...
18 JULY 2026, SATURDAY


## જુગની ગીતનો રિવીલિંગ ડ્રેસનો વીડિયો વાયરલ

# જેકલીનનો OOPS MOMET વાયરલથી વિવાદ

જેકલીન ફર્નાન્ડીઝ તાજેતરમાં રિલીઝ થયેલા મ્યુઝિક વીડિયોને લઈને વિવાદોમાં ઘેરાઈ છે. મ્યુઝિક વીડિયો 'જુગની'માં વોર્ડરોબ માલફંક્શનનો શોટ વાયરલ થયો છે, જેને લઈ વિવાદનો મધપૂડો છંછેડાયો છે. સોશિયલ મીડિયા યુઝર્સ તેને પબ્લિસિટી સ્ટન્ટ ગણાવી રહ્યા છે. જોકે, હોબાળો વધતા મેકર્સે માત્ર બ્લર ઈફેક્ટ આપીને સંતોષ માની લીધો છે.૧૫ જુલાઈએ રિલીઝ થયેલા આ ગીતને બી પ્રાક અને સોનુ કુકરાલે ગાયું છે. આ વીડિયોમાં જેકલીન વોર્ડરોબ માલફંક્શનનો ભોગ બની છે. વાસ્તવમાં ગીતના એક સીનમાં ડાન્સ કરી રહેલી જેકલીનનો ક્લોઝ-અપ શોટ લેવામાં આવ્યો છે. તેણે ગીતમાં રિવીલિંગ બ્લાઉઝ પહેર્યું છે. તેનું બ્લાઉઝ લૂઝ હોવાના કારણે જ્યારે તે ડાન્સ કરી રહી હોય છે, ત્યારે તે વોર્ડરોબ માલફંક્શનનો શિકાર બની. આ ક્લિપનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયુવેગે વાયરલ થઈ રહ્યો છે.ગીત રિલીઝ થતાં જ સોશિયલ મીડિયા યુઝર્સે હોબાળો મચાવી દીધો છે. યુઝર્સ અલગ-અલગ પ્રતિક્રિયાઓ આપી રહ્યા છે. લોકોએ આવા શોટ બતાવવા બદલ જેકલીન અને મેકર્સને આડે હાથ લીધા છે અને તેને અશ્લીલતા તથા શરમજનક કૃત્ય ગણાવ્યું છે. કેટલાક નેટિઝન્સે પ્રશ્નો પૂછ્યા છે કે, જેકલીન સાથે ઘટેલી ઘટના એડિટિંગ કરતી વખતે એડિટરને કેમ ન દેખાઈ? આ 'ઊપ્સ મોમેન્ટ' મેકર્સની નજરમાંથી કેવી રીતે ચૂકી ગઈ? તો કેટલાક યુઝર્સનું કહેવું છે કે, ગીતને પબ્લિસિટી મળે, તે માટે જાણીજોઈને આ સીનને એડિટ કર્યા વિના ગીતમાં રાખવામાં આવ્યો છે.વિવાદને વકરતો જોઈને મેકર્સે જે સીનમાં જેકલીન 'ઊપ્સ મોમેન્ટ'નો શિકાર થઈ છે, ત્યાં બ્લર ઈફેક્ટ આપીને એડિટ કરી દીધું છે. મેકર્સે એ ડાન્સ સિક્વન્સને કટ કર્યા વિના માત્ર રિવીલિંગ પાર્ટને બ્લર કરીને સંતોષ માની લીધો છે.



## છૂટાછેડાના 12 વર્ષ પછી 41 વર્ષની ઉંમરે ઉદ્યોગપતિ સાથે ઘર વસાવ્યું

# જેનિફર વિંગેટે કર્યા બીજા લગ્ન

ટીવી અભિનેત્રી જેનિફર વિંગેટ લગ્નના બંધનમાં બંધાવા જઈ રહી છે. સિંગાપોર સ્થિત ઉદ્યોગપતિ વિલિયમ ઈસ્માઈલ સાથે લગ્ન કરશે. જેનિફર વિંગેટનો જન્મ ૩૦ મે ૧૯૮૫ના રોજ થયો છે. તે એક ભારતીય અભિનેત્રી છે જેનિફર વિંગેટે ૯ એપ્રિલ ૨૦૧૨ના રોજ કરણ સિંહ ગ્રોવર સાથે લગ્ન કર્યા હતા. નવેમ્બર ૨૦૧૪માં વિંગેટે જણાવ્યું કે તે અને ગ્રોવર અલગ થઈ ગયા છે. હવે અભિનેત્રી બીજી વખત લગ્ન કરવા જઈ રહી છે.

## હાઈકોર્ટમાં અરજી બાદ મળી મંજુરી





# આજીવન સજા છતાં નવી શરૂઆત જેલમાં થશે લગ્ન

### કેદી મુલારામે પાડોશીની હત્યાના મામલામાં દોષિત ઠેરવવામાં આવ્યો'તો

### મહિલા કેદી સીમાએ પોતાના પતિની હત્યાના દોષિત છે

**સિટી ન્યૂઝ@રાજસ્થાન**

રાજસ્થાનની જોધપુરની મંડોર ઓપન જેલમાં એક અનોખા લગ્ન યોજાવા જઈ રહ્યા છે. અહીં હત્યાના અલગ અલગ કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા બે કેદી લગ્નના બંધને બંધાવા જઈ રહ્યા છે. આ વિવાહને રાજસ્થાન હાઈકોર્ટની મંજૂરી મળ્યા બાદ હવે જેલ પરિસરમાં તૈયારીઓ શરુ થઈ ગઈ છે. બંને હત્યાના કેસમાં દોષિત છે અને પોત-પોતાની સજા કાપી રહ્યા છે. હકીકતમાં જોઈએ તો, નાગોર જિલ્લાના રહેવાસી મૂલારામને તેમના પાડોશીની હત્યાના મામલામાં દોષિત ઠેરવવામાં આવ્યા હતા, તેઓ ૧૬ જાન્યુઆરી ૨૦૧૭થી આજીવન કેદની સજા કાપી રહ્યા છે અને મંડોર ઓપન જેલમાં બંધ છે.વળી સીમા પોતાના પતિની હત્યાના મામલામાં દોષિત છે. હાલમાં તે ૪૦ દિવસની પેરોલ પર બહાર છે.મૂલારામ તરફથી રાજસ્થાન હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. આ અરજી પર ન્યાયાધીશ પુષ્પેન્દ્ર સિંહ ભાટી અને ન્યાયમૂર્તિ પ્રવીર ભટનાગરની ખંડપીઠે સુનાવણી કરી. સુનાવણી દરમ્યાન કોર્ટે જણાવ્યું કે, મૂલારામ અને સીમા બંને પોતાની સહમતિથી લગ્ન કરવા માગે છે.

મૂલારામના વકીલ કાલૂરામ ભાટીએ કોર્ટને જણાવ્યું કે, લગ્નથી બંનેના પુનર્વાસ અને સુધારની પ્રક્રિયાને મજબૂતી મળશે. તેમનું કહેવું હતું કે, લગ્ન બાદ બંને ભવિષ્યમાં સામાન્ય પારિવારિક જીવન જીવી શકશે. અરજીમાં હાઈકોર્ટના એક પૂર્વ નિર્ણયનો પણ હવાલો આપવામાં આવ્યો હતો, જેમાં કેદીના વૈવાહિક અને સંતાનોત્પત્તિ સાથે જોડાયેલા અધિકારોની વાત કહેવાઈ હતી.સરકાર તરફથી કોર્ટમાં રજૂ કરવામાં આવેલા રિપોર્ટમાં પણ એ સ્વીકાર કર્યો કે, બંને લગ્ન કરવા માગે છે. રિપોર્ટમાં એવું પણ જણાવ્યું છે કે, બંને વચ્ચે પહેલાથી લિવ ઈન રિલેશન રહ્યા છે. સુનાવણી દરમ્યાન કોર્ટને જણાવ્યું કે, ઓપન જેલના નિયમો અંતર્ગત જો બંને લગ્ન કરવા માગે છે તો સરકારને તેના પર કોઈ વાંધો નથી. ખંડપીઠે પોતાના આદેશમાં કહ્યું કે, વિવાહ સમાજની મહત્ત્વપૂર્ણ સંસ્થા છે. કોર્ટે એવું પણ કહ્યું કે, ખાલી દોષ સાબિત થવાના આધાર પર કોઈ કેદીને તેની સહમતિથી લગ્નના અધિકારથી વંચિત કરી શકાય નહીં. આ આધાર પર કોર્ટે લગ્નની મંજૂરી આપતા જરૂરી દિશા-નિર્દેશ પણ આપ્યા છે.

## હાઈકોર્ટે 8 મહિનાના ગર્ભપાતની મંજૂરી ન આપી

# સગીરા સગા મોટા ભાઈના બાળકને જન્મ આપશે

### પ્રસુતિ–બાળકના ભરણ–પોષણનો તમામ ખર્ચ સરકાર ભોગવશે

**સિટી ન્યૂઝ@નવસારી**

ગુજરાત હાઈકોર્ટે નવસારીની એક ૧૭ વર્ષીય સગીરાના ૩૪ અઠવાડિયાના (આશરે ૮ મહિનાના) ગર્ભના ગર્ભપાત માટેની અરજી નામંજૂર કરી છે. સગીરા સાથે તેના જ સગા મોટા ભાઈએ દુષ્કર્મ આચર્યુ હતું, જેના કારણે તે ગર્ભવતી બની હતી. આ તબક્કે ગર્ભપાત કરવાથી સગીરાના જીવને જોખમ હોવાના મેડિકલ રિપોર્ટના આધારે કોર્ટે કુદરતી પ્રસૂતિ સુધી ગર્ભાવસ્થા ચાલુ રાખવા આદેશ કર્યો છે. આ સાથે જ કોર્ટે બાળકના જન્મથી લઈને દત્તક આપવા સુધીની તમામ પ્રક્રિયા અને ખર્ચ અંગે રાજ્ય સરકારને નિર્દેશો આપ્યા છે.

આ ચકચારી ઘટનાનો ખુલાસો ત્યારે થયો જ્યારે સગીરા તેની મોટી બહેન સાથે તેના બાળકને પોલિયોના ટીપાં પીવડાવવા આંગણવાડીમાં ગઈ હતી. ત્યાં હાજર સ્વાસ્થ્ય કાર્યકર બહેને સગીરાને જોઈને તેણી ગર્ભવતી હોવાની શંકા વ્યક્ત કરી હતી. ત્યારબાદ પ્રેગ્નન્સી કીટથી ટેસ્ટ કરતા સગીરા ગર્ભવતી હોવાનું સામે આવ્યું હતું. બાદમાં સગીરાની મોટી બહેન તેણીને ડોક્ટર પાસે લઈ ગઈ હતી અને સોનોગ્રાફી કરતા તેને ૭ મહિનાથી વધુનો ગર્ભ હોવાનું સામે આવ્યું હતું, જે સંદર્ભે ડોક્ટરે પોલીસને જાણ કરી હતી.પોલીસ સગીરાના ઘરે ગઈ હતી, પરંતુ ત્યાં કોઈ હાજર નહોતું. ત્યારબાદ પોલીસ ફરિયાદી મોટી બહેનના ઘરે આવી હતી, પરંતુ સગીરાના માતા-પિતા હાજર નહીં હોવાથી અને સગીરાના બાળકના પિતા કોણ હોવાની જાણ નહીં હોવાથી પોતે જાતે આવીને ફરિયાદ નોંધાવી જશે તેમ પોલીસને જણાવ્યું હતું. ત્યારબાદ મોટી બહેન સગીરાને લઈને પોલીસ ફરિયાદ નોંધાવવા ગઈ હતી, જ્યાં સગીરાની પૂછપરછ દરમિયાન તેણે પોતાના સગા મોટા ભાઈએ જ આ દુષ્કૃત્ય આચર્યુ હોવાનું જણાવતા મોટી બહેને બીલીમોરા પોલીસ મથકે BNS અને પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધાવ્યો હતો. પોલીસે આરોપી ભાઈની ધરપકડ કરી જેલમાં ધકેલી દીધો છે.

આ કેસમાં એડવોકેટ દીપમાલા દેસાઈ દ્વારા સગીરાના ગર્ભપાત માટે હાઈકોર્ટમાં દાદ માંગવામાં આવી હતી.



### વડોદરાની ઘટના : ચાર અજાણી મહિલાઓ સામે ફરિયાદ

# ડી-માર્ટમાંથી 56 હજારના ઘીના પાઉંચની ચોરી

## CCTV ફૂટેજમાં ચાર મહિલાઓ બિલ ચૂકવ્યા વગર ઘીના પાઉચ લઈ જતી જોવા મળી

**સિટી ન્યૂઝ@વડોદરા**

વડોદરાના અકોટા અને વાસણા વિસ્તારમાં આવેલી ડી-માર્ટની બે અલગ-અલગ શાખાઓમાંથી અમૂલ બ્રાન્ડના ઘીના ૫૬ પાઉચની ચોરી થઈ છે. બંને શાખાના CCTV ફૂટેજમાં ૪ મહિલાઓ બિલ ચૂકવ્યા વગર ઘીના પાઉચ લઈ જતી જોવા મળી હતી. અકોટા પોલીસ સ્ટેશનમાં આ મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. જેને આધારે અકોટા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

અકોટા સ્થિત ગેલેરિયા મોલમાં આવેલી ડી-માર્ટ શાખામાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા ફરિયાદી રફીક યાસીન મલેક (ઉં.વ. ૩૧) એ અકોટા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જે મુજબ, તા. ૧૫ જુલાઈના રોજ બપોરે ૨થી રાત્રે ૧૧ વાગ્યાની શિફ્ટ દરમિયાન સ્ટોક ચેકિંગ કરતા ૧૫,૩૬૦ રૂપિયાની કિંમતના અમૂલ ભેંસના ઘીના એક




લિટરના ૨૪ પાઉચ અને ૫,૫૬૦ રૂપિયાની કિંમતના અમૂલ ગાયના ઘીના એક લિટરના ૮ પાઉચ મળીને કુલ ૨૦,૯૨૦ રૂપિયાની કિંમતના ૩૨ પાઉચ સ્ટોકમાંથી ગાયબ હતા.

આ અંગે વાસણા ડી-માર્ટના સ્ટોર મેનેજર ધવલ સાળુંખેને જાણ કરવામાં આવતા ત્યાં પણ સ્ટોક ચેક કરવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન વાસણા શાખામાંથી ૧૫,૩૬૦ રૂપિયાની કિંમતના અમૂલ ભેંસના ઘીના એક લિટરના ૨૪ પાઉચ ગાયબ હોવાનું જાણવા મળ્યું હતું. આમ બંને શાખાઓમાંથી ૩૬,૨૮૦ રૂપિયાની કિંમતના કુલ ૫૬ ઘીના પાઉચ ચોરી થયાનું બહાર આવ્યું હતું. ત્યારબાદ બંને શાખાના CCTV ફૂટેજ તપાસવામાં આવ્યા હતા.

જેમાં તા. ૧૨ જુલાઈના રોજ અકોટા ડી-માર્ટ ખાતે સાંજે અંદાજે ૪:૩૦ વાગ્યે તેમજ વાસણા ડી-માર્ટ ખાતે સાંજે અંદાજે ૬:૧૫ વાગ્યે ચાર અજાણી મહિલાઓ ઘીના પાઉચ બિલ ચૂકવ્યા વગર લઈ જતી સ્પષ્ટ જોવા મળી હતી. CCTV ફૂટેજના આધારે બંને બનાવમાં સામેલ મહિલાઓ એક જ હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું.

### સિંહના હૂમલા બાદ યાત્રા માટે નવા નિયમો લાગુ

# ગિરનાર જવા પહેલા રજિસ્ટ્રેશન ફરજિયાત

### યાત્રાળુઓએ ID પ્રુફ ફરજિયાત પણ સાથે રાખવું પડશે

**સિટી ન્યૂઝ@જૂનાગઢ**

ગિરનાર પર્વત પર દર્શનાર્થે આવતા હજારો યાત્રાળુઓની સુરક્ષાને સર્વોપરી ગણીને વહીવટી તંત્ર દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. યાત્રાળુઓની સુવ્યવસ્થિત અવરજવર સુનિશ્ચિત કરવા, તેમની ચોક્કસ સમયસર માહિતી મેળવવા અને કોઈપણ પ્રકારની આપત્તિ કે કટોકટીના સમયે ઝડપી અને અસરકારક પ્રતિસાદ આપી શકાય તે હેતુથી પ્રાયોગિક ધોરણે 'IN/OUT' ઓનલાઈન રજીસ્ટ્રેશન સિસ્ટમ અમલમાં મૂકવામાં આવી છે. આ નવીન સિસ્ટમનો અમલ આજ ૧૮ જુલાઈથી શરૂ કરવામાં આવ્યો. દરેક યાત્રાળુએ પોતાની સાથે કોઈપણ એક અધિકૃત ઓળખ કાર્ડ (આઈડી



પ્રૂફ) ફરજિયાતપણે સાથે રાખવાનું રહેશે. જે યાત્રિકો પાસે સ્માર્ટફોન ઉપલબ્ધ નહીં હોય અથવા જેમને ઓનલાઈન પ્રક્રિયામાં મુશ્કેલી પડતી હોય, તેમની ચિંતા કરવાનું કોઈ કારણ નથી. તેમની સુવિધા માટે સ્થળ પર જ વહીવટી તંત્ર અને વન વિભાગનો સ્ટાફ ફરજરત રહેશે. આ સ્ટાફની મદદથી આવા યાત્રિકોનું ઓફલાઈન રજીસ્ટ્રેશન સ્થળ પર જ વિનામૂલ્યે અને સરળતાથી કરી આપવામાં આવશે.

#### ગિરનારમાં IN/OUT સિસ્ટમ લાગુ

- **સ્ટેપ 1 :** ક્યુઆર કોડ સ્કેન કરો અથવા વેબસાઈટ ઓપન કરો https://Register.bhavnathtemple.com
- **સ્ટેપ 2 :** તમારી જરૂરી વિગતો (જેમ કે નામ, મોબાઈલ નંબર વગેરે) ભરો.
- **સ્ટેપ 3 :** ઓળખ કાર્ડ (ID Proof) તૈયાર રાખો. એક અધિકૃત ઓળખ કાર્ડ સાથે રાખો અને તેની વિગત પોર્ટલમાં સબમિટ કરો.
- **સ્ટેપ 4 :** યાત્રા શરૂ કરતી વખતે 'IN' કરો. પોર્ટલ પર 'IN' ઓપ્શન સિલેક્ટ કરીને તમારી ઓનલાઈન એન્ટ્રી કન્ફર્મ કરો.
- સ્ટેપ ૫ : યાત્રા પૂર્ણ થયા બાદ 'OUT' કરો ફરીથી પોર્ટલ ઓપન કરી OUT' ઓપ્શન પર ક્લિક કરો.

### સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી

## અદાલતોમાં મહિલા વકીલો માટે શૌચાલયની સુવિધા કેમ નહીં ?

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

દેશભરની જિલ્લા અદાલતોમાં મહિલા વકીલો માટે પાયાની સુવિધાઓના અભાવ અંગે સુપ્રીમ કોર્ટે ગંભીર નોંધ લીધી છે. મુખ્ય ન્યાયાધીશ (CJI) જસ્ટિસ સૂર્યકાંતની આગેવાની હેઠળની પીઠે કર્ણાટકની તાલુકા અદાલતોમાં મહિલાઓ માટે શૌચાલય જેવી પ્રાથમિક સુવિધાઓ ન હોવા પર ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો.

CJIએ આ સ્થિતિને દયનીય ગણાવી હતી અને કહ્યું હતું કે, આપણી દીકરીઓ માટે આવી સ્થિતિ હોવી એ ખૂબ ચિંતાજનક છે. તેમણે તમામ રાજ્યોના એડવોકેટ જનરલને આ બાબતે કડક પગલાં લેવા આદેશ આપ્યો છે.

સુનાવણી દરમિયાન CJIએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, ફંડ નથી તેવું બહાનું હવે ચલાવી લેવામાં આવશે નહીં, કારણ કે આ મૂળભૂત માનવ અધિકારો સાથે સંકળાયેલો મુદ્દો છે. જો સરકારી તિજોરીમાં ભંડોળની અછત હોય, તો સરકાર સિગારેટ કે દારૂ પર વધારાનો ટેક્સ લગાવીને આ કામ માટે ભંડોળ એકત્ર કરી શકે છે, જેને કોર્ટ પણ યોગ્ય ઠેરવશે. આ ટિપ્પણી દ્વારા કોર્ટે સાબિત કર્યું કે પાયાની સુવિધાઓ માટે નાણાકીય મુશ્કેલીઓ અવરોધ બનવી જોઈએ નહીં.




સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
18 JULY 2026,
SATURDAY


# ફૂટબોલ વર્લ્ડકપ વિજેતા ટીમને કાલે મળશે 490 કરોડ

## ફિફાનો રેકોર્ડ : 8400 કરોડના ઈનામી રકમ વહેંચશે

સિટી ન્યૂઝ@ન્યૂયોર્ક

FIFA વર્લ્ડ કપ ૨૦૨૨ની ચેમ્પિયન આર્જેન્ટિનાને અંદાજે ૩૪૮ કરોડ (૪૨ મિલિયન ડોલર)ની પ્રાઈઝ મની મળી હતી. આ વખતે ફૂટબોલ વર્લ્ડ કપ ચેમ્પિયનને ૫૧ મિલિયન ડોલર એટલે કે લગભગ ૪૯૦ કરોડ રૂપિયા મળશે.

પ્રથમ વખત વિશ્વ ચેમ્પિયનને આટલી મોટી રકમ મળશે. ફિફાએ આ વખતે ૮૭૧ મિલિયન ડોલર એટલે કે લગભગ ૮,૪૦૦ કરોડ રૂપિયાની ઈનામી રકમ વહેંચવાની જાહેરાત કરી છે. વર્લ્ડ કપ માટે ક્વોલિફાય કરનાર દરેક દેશને ઓછામાં ઓછા ૧૨.૫ મિલિયન ડોલર એટલે કે લગભગ ૧૨૦ કરોડ રૂપિયા મળશે. ફાઈનલ મેચ પહેલાં ફિફાએ જાહેરાત કરી કે વિજેતા ટીમના ખેલાડીઓને મેડલની સાથે ચેમ્પિયનશિપ રિંગ પણ આપવામાં આવશે. FIFA વર્લ્ડ કપ ૨૦૨૬માં ટૉપ-૪માં પહોંચનારી ટીમોને સૌથી વધુ ઈનામી રકમ મળશે. રનરઅપ ટીમને લગભગ ૩,૨૭૩.૧૮ કરોડ (૩૩ મિલિયન ડોલર) મળશે. ત્રીજા સ્થાને રહેનારી ટીમને લગભગ ૨,૮૮૮.૧૦ કરોડ (૨૯ મિલિયન ડોલર), ચોથા સ્થાને રહેનારી ટીમને લગભગ ૨,૬૯૫.૫૬ કરોડ (૨૭ મિલિયન ડોલર)ની પુરસ્કાર રકમ આપવામાં આવશે. વર્લ્ડ કપ ૨૦૨૬ની ફાઈનલ યુરોપિયન ચેમ્પિયન સ્પેન અને વર્તમાન વર્લ્ડ ચેમ્પિયન આર્જેન્ટિના વચ્ચે રમાવાની છે. સ્પેને સેમિફાઈનલમાં મજબૂત ગણાતી ફ્રાન્સની ટીમને હરાવીને ફાઈનલમાં સ્થાન બનાવ્યું છે.

## ટ્રમ્પ ફૂટબોલ ફાઈનલ જોવા પહોંચશે

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ FIFA વર્લ્ડ કપ ૨૦૨૬ની ફાઈનલ જોવા ન્યૂ જર્સી પહોંચશે. વ્હાઈટ હાઉસે તેની પુષ્ટિ કરી છે. સ્પેન-આર્જેન્ટિના વચ્ચે રમાનારી ટાઈટલ મેચ પહેલાં ટ્રમ્પ ન્યૂયોર્કમાં આવેલા ટ્રમ્પ ટાવરમાં આયોજિત ફિફા સ્વાગત સમારોહમાં પણ ભાગ લેશે. વ્હાઈટ હાઉસના પ્રેસ



સચિવ કેરોલિન લેવિટે રાષ્ટ્રપતિના સપ્તાહના કાર્યક્રમની માહિતી આપતા જણાવ્યું કે ટ્રમ્પ શુક્રવારે ન્યૂયોર્કમાં ફિફા રિસેપ્શનમાં હાજરી આપશે. રવિવારે ન્યૂયોર્ક-ન્યૂ જર્સી સ્ટેડિયમમાં વર્લ્ડ કપ ફાઈનલનો મુકાબલો જોશે. લેવિટે કહ્યું કે આ ટુર્નામેન્ટ અમેરિકી ઈતિહાસનો સૌથી વધુ જોવાયેલો, સૌથી સુરક્ષિત અને સૌથી સફળ વર્લ્ડ કપ રહ્યો છે. તેમના મતે, આ આયોજન વિશ્વના સૌથી મોટા રમતગમતના મંચની યજમાની કરવાની અમેરિકાની ક્ષમતાનો પુરાવો છે. ફિફા પ્રમુખ જિયાની ઈન્ફેન્ટિનોએ પણ પુષ્ટિ કરી છે કે તેઓ ટ્રમ્પ સાથે ફાઈનલ જોશે. બંને મળીને વિજેતા ટીમને ટ્રોફી સોંપશે. તેમણે તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે વર્લ્ડ કપ ફાઈનલ પછી ટ્રમ્પ તેમની સાથે પુરસ્કાર વિતરણ સમારોહમાં હાજર રહેશે. વર્લ્ડ કપ ૨૦૨૬ની ફાઈનલ ૧૯ જુલાઈ (સ્થાનિક સમય)ના રોજ ન્યૂયોર્ક-ન્યૂ જર્સી સ્ટેડિયમમાં રમાશે. સેમિફાઈનલમાં આર્જેન્ટિનાએ ઈંગ્લેન્ડને ૨-૧થી હરાવીને અને સ્પેને ફ્રાન્સને ૨-૦થી હરાવીને ટાઈટલ મુકાબલામાં સ્થાન બનાવ્યું છે.

## 2022માં ચેમ્પિયનને મળ્યા હતા 348 કરોડ

FIFA વર્લ્ડ કપ ૨૦૨૨ની ચેમ્પિયન આર્જેન્ટિનાને ૩૪૮ કરોડ રૂપિયા (૪૨ મિલિયન ડોલર)ની પ્રાઈઝ મની મળી હતી. ફાઈનલ હારીને રનર-અપ રહેલા ફ્રાન્સને પણ ૨૪૮ કરોડ રૂપિયા મળ્યા હતા. ટુર્નામેન્ટમાં ભાગ લેનારી ૩૨ ટીમમાં કુલ ૩૬૦૦ કરોડ રૂપિયાથી વધુની ઈનામી રકમ વહેંચવામાં આવી હતી.

## મેડલ સાથે પહેરાવવામાં આવશે ચેમ્પિયનશિપ રિંગ

- વર્લ્ડ કપના ઈતિહાસમાં પહેલીવાર ચેમ્પિયન બનનારી ટીમના ખેલાડીઓ અને સ્ટાફને ટ્રોફી અને ગોલ્ડ મેડલની સાથે ચેમ્પિયનશિપ રિંગ પણ આપવામાં આવશે.
- FIFAએ જણાવ્યું કે રિંગની એક બાજુ વર્લ્ડ કપની ટ્રોફી બનેલી હશે, જ્યારે બીજી બાજુ વિજેતા ટીમ અનુસાર ખાસ ડિઝાઈન તૈયાર કરવામાં આવશે. દરેક રિંગ પર અલગ નંબર હશે, તેને ખેલાડીના હિસાબે તૈયાર કરવામાં આવશે. રિંગ ઓફિશિયલ છે તેનું પ્રમાણપત્ર પણ આપવામાં આવશે.
- ફાઈનલ પછી વિજેતા ટીમના કેપ્ટન અને હેડ કોચને અસ્થાયી (ટેમ્પરરી) રિંગ આપવામાં આવશે. આ પછી આખી વિનિંગ ટીમ માટે ૩૦ રિંગ તૈયાર કરવામાં આવશે. દરેક રિંગને ખેલાડીઓ અનુસાર કસ્ટમાઈઝ કરવામાં આવશે અને પછી તેમને સોંપવામાં આવશે.
- આવી ૨,૦૨૬ રિંગ્સ બનાવવામાં આવશે. આ લિમિટેડ એડિશન હશે. તેમાંથી ૩૦ રિંગ્સ વર્લ્ડ ચેમ્પિયન ટીમને મળશે. બાકીની ૧,૯૯૬ રિંગ્સ ફૂટબોલ ચાહકો માટે સત્તાવાર લાઈસન્સ સાથે વેચાણ માટે ઉપલબ્ધ રહેશે.




## 1958ની ફાઈનલમાં પેલેએ પહેરેલી જર્સીના 47 કરોડમાં વેંચાણી

૧૯૫૮ના ફૂટબોલ વર્લ્ડ કપની ફાઈનલમાં બ્રાઝિલના દિગ્ગજ ખેલાડી પેલે દ્વારા પહેરવામાં આવેલી નંબર ૧૦ની જર્સીની હરાજી થઈ હતી જેમાં આ જર્સી ૪.૯ મિલિયન (લગભગ ૫૦ લાખ( ડોલરમાં વેચાઈ હતી. ૨૦૨૨માં અવસાન પામેલા પેલે જ્યારે ૧૭ વર્ષના હતા ત્યારે તેમણે રાસુન્ડા સ્ટેડિયમમાં યજમાન સ્વીડન સામે બ્રાઝિલની ૫-૨ની જીતમાં બે ગોલ કર્યા હતા અને તેઓ આજે પણ વર્લ્ડ કપ ફાઈનલમાં ગોલ કરનારા સૌથી યુવા ખેલાડી છે. ઓકશનર કંપની સોથબીઝે જણાવ્યું હતું કે બ્રાઝિલના સ્ટાર દ્વારા પહેરવામાં આવેલી આ જર્સી અત્યાર સુધી વેચાયેલી બીજી સૌથી મૂલ્યવાન ફૂટબોલ શર્ટ છે. ડિએગો મારાડોનાની ’હેન્ડ ઓફ ગોડ’ જર્સી ૨૦૨૨માં ૯.૩ મિલિયન (૯૩ લાખ) ડોલરમાં વેચાઈ હતી. ઓક્શાન હાઉસે વધુમાં જણાવ્યું હતું કે, પેલેની યાદગીરી તરીકેની અગાઉની સૌથી મૂલ્યવાન વસ્તુ ગયા મહિને ૯,૭૬,૦૦૦ ડોલરમાં વેચાયેલું ૧૯૫૮નું ટ્રેડિંગ કાર્ડ હતું. એડસન અરાન્ટેસ દો નાસિમિન્તો ઉર્ફે પેલે એ ફાઈનલ મેચ બાદ આ હાથથી બનાવેલી શર્ટ તેમના રૂમમેટ અને સાથી ખેલાડી, દીદાને ભેટમાં આપી હતી.

### સપનું આવ્યું'ને અમદાવાદનો યુવાન ધણ લઈને ચાલીને દ્વારકા પહોંચ્યું

# ઈતિહાસમાં પહેલીવાર દ્વારકાધીશના મધરાત્રે દ્વાર ખૂલ્યા; 21 ગાયો સાથે યુવાને 380 કિ.મી. યાત્રા પૂર્ણ કરી






## પદયાત્રા કરવાનો એક જ હેતુ ગાયોની સેવા કરવાનો સંદેશ ફેલાવા માટે

**સિટી ન્યૂઝ@દ્વારકા**

ભગવાન શ્રીકૃષ્ણ એટલે કે ગાયોના રખેવાળ ગોવાળિયા.... શું તમે ક્યારેય કલ્પના કરી છે કે ખુદ ગાયો પોતાના નાથના દર્શને પગપાળા ચાલીને પહોંચી હોય? અમદાવાદના એક યુવાનને સપનું આવ્યું અને તે મિત્રો સાથે મળી બોટાદના લાઠીદડથી ૨૫ ગાયોના ધણ સાથે દ્વારકાધીશના દર્શને પગપાળા નીકળી પડ્યો. સવારે અને સાંજે ગાયોનું ધણ અને આ યુવાનો ૧૦-૧૦ કિલોમીટર એમ કુલ ૨૦ કિલોમીટરનું અંતર કાપતાં હતા. બપોરે અને રાત્રે રસ્તામાં જે પણ ગામ હોય ત્યાં વિસામો કરતાં હતા. અંદાજે ૩૮૦ કિલોમીટરનું લાંબું અંતર કાપીને ૧૯ દિવસે તે ગાયો સાથે દ્વારકાધીશની સન્મુખ પહોંચ્યો હતો. મંદિરના નિયત સમય બાદ પણ ખાસ કિસ્સામાં ગૌ માતા માટે દ્વારકાધીશના દ્વાર ખૂલ્યા હતા.અમદાવાદના સરખેજમાં ઉજાલા બ્રિજ પાસે રહેતાં સંદીપ ખંભાળિયા ઈલેક્ટ્રિશિયન છે પરંતુ યુવાનો સાથે મળીને તેઓ દર રવિવારે એક સેવાનું કાર્ય કરે છે. તેમના ગ્રુપનું નામ નિરાધારનો આધાર છે. જેમાં ૪૦૦ લોકો જોડાયેલા છે. છેલ્લા ૬-૭ મહિનાથી આ ગ્રુપે ભૂખ્યાંને ભોજન આપવાની સેવા ચાલુ કરી છે. આવા જ એક રવિવારે ભૂખ્યા લોકોને જમાડીને તે રાત્રે ઘરે સૂતા હતા ત્યારે તેમને એક સપનું આવ્યું.તેમનો દાવો છે કે સપનામાં તેમને પગપાળા દ્વારકા જવાનો આદેશ મળ્યો હતો. તેમાં પણ ૨૧ ગાયોને સાથે લઈને જવાનું કહ્યું હતું. તેમણે સપનાંમાં જ કહ્યું કે હું પટેલનો દીકરો છું. મને કોણ ગાયો આપે? ત્યારે તેને જવાબ મળ્યો કે તારા ગામના મિત્રો મહેશ આહીર અને ભરત ભરવાડને કહેજે એટલે વ્યવસ્થા થઈ જશે.સવાર પડતાં જ સપનું યાદ આવ્યું એટલે તેણે લાઠીદડ ખાતે રહેતાં મિત્રોને ફોન કરીને પોતાના સપનાંની વાત જણાવી હતી. શરૂઆતમાં તો મિત્રોએ ગાયોને પગપાળા આટલે દૂર લઈ જવા માટે આનાકાની કરી હતી પરંતુ સંદીપે સતત ૧૫ થી ૨૦ દિવસ સુધી ગામડે જઈને મિત્રો તથા ગામનાં લોકોને ભેગાં કરીને વાત સમજાવી ત્યારે તે તૈયાર થયા હતા. આ યાત્રા કોઈ માણસને લઈ જવાની ન હતી એટલે કપરી જરૂર હતી.અન્ય એક કિસ્સાનું વર્ણન કરતાં સંદીપ ખંભાળિયાએ કહ્યું કે, દ્વારકા મંદિરમાં પરમિશન વગર એન્ટ્રી ના મળે. અમારું કોઈ પ્લાનિંગ નહોતું કે અમે ત્યાં કોઈને ફોન કરીને જાણ પણ નહોતી કરી કે અમે આ રીતે ગાયોને લઈને આવીએ છીએ પણ દ્વારકાના રોનક ઠક્કરે અમારો વીડિયો જોયો હશે અને તેમને ભાવ જાગ્યો. અમે જયારે દ્વારકાથી અમૂક કિલોમીટર દૂર હતા ત્યારે તેઓ સામેથી અમને મળવા આવ્યા હતા. તેમણે કહ્યું તમે લોકો ફક્ત દ્વારકા પહોંચો બાકી બધું મારા પર છોડી દો.

## લોહીથી લખેલો પત્ર



હે દ્વારકાધીશ,
આજે હું તમારી સામે કોઇ માંગણી લઇને નથી આવ્યો
હું તો મારી વેદના લઇને આવ્યો છું.

હે નાથ,
મારી આંખો સામે ગૌમાતા ભૂખી, તરસી અને રસ્તાઓ
પર રઝળતી દેખાય છે.
મારી આંખો સામે કોઇ નિરાધાર ભોજન માટે તરસે છે.
આ બધું જોઇને મારું હૃદય અંદરથી તૂટી જાય છે,
પ્રભુ...

ઘણી વખત રાત્રે ઊંઘ આવતી નથી,
એ વિચાર આવે છે કે આટલું દુઃખ જોઇને પણ હું
કેટલું ઓછું કરી શકું છું.

હે દ્વારકાધીશ,
મારી પાસે મોટી સંપત્તિ નથી, મારી પાસે મોટી સત્તા
નથી,
પણ આ આંખોમાં સમાજ માટે આંસુ છે,
હૃદયમાં ગૌમાતા માટે વેદના છે અને માનવતા
માટે પ્રેમ છે.

પ્રભુ,
જો મારી અંદર સાચી ભાવના હોય
તો મને એટલી શક્તિ આપજો કે,
કોઇ ગૌમાતા ભૂખી ના રહે,
કોઇ નિરાધાર ભોજન વગર ન સૂવે અને કોઇ યુવાન
પોતાના જીવનનો માર્ગ ન ભૂલે.

હે નાથ,
મારા જીવનનું મૂલ્ય એટલું જ રહે કે,
જ્યારે હું આ દુનિયામાં ન રહું ત્યારે પણ મારા કરેલા
સેવાના કાર્ય જીવંત રહે.

હે દ્વારકાધીશ,
જો રડાવવું જ હોય તો મારા માટે નહીં,
ગૌ માતાની પીડા માટે રડાવજો.
જો જીવાડવું હોય તો મારા માટે નહીં,
માનવતા માટે જીવાડજો.

મારી આ વેદના શબ્દો નથી પ્રભુ,
આ તો મારા હૃદયના આંસુઓ છે...

# દ્વારકાધીશ મંદિરમાં દર્શન માટે 'ભેદભાવ'

## શ્રધ્ધાના નામે ઉઘાડી લૂંટ
## દ્વારકામાં 500 રૂપિયામાં ગુપ્ત દરવાજેથી સીધો પ્રવેશ



- ભક્તોએ વીડિયો ઉતારી સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો
- સામાન્ય ભક્તો માટે કલાકોની લાઈન, પૈસાદાર માટે સીધો રસ્તો

**સિટી ન્યૂઝ@દ્વારકા**

બેટ દ્વારકામાં દર્શન માટે આવતા લાખો શ્રદ્ધાળુઓની આસ્થા સાથે ચેડાં કરતો એક ચોંકાવનારો વીડિયો સામે આવ્યો છે. આ વીડિયોમાં સ્પષ્ટપણે એક કથિત 'ગુપ્ત દરવાજો' દર્શાવવામાં આવ્યો છે, જ્યાંથી વ્યક્તિ દીઠ ૫૦૦ રૂપિયા ચૂકવીને ભક્તો સીધા જ મંદિરમાં પ્રવેશી શકે છે. વાયરલ થયેલા આ દ્રશ્યોમાં એક વ્યક્તિ સ્પષ્ટ શબ્દોમાં જણાવી રહ્યો છે કે, "જે ૫૦૦ રૂપિયા આપી શકે તે લોકો આ બાજુથી જાવ, બાકીના બધા અહિયાં લાઈનમાં જાવ." આ ઘટના એ વાતની સાક્ષી પૂરે છે કે પવિત્ર યાત્રાધામમાં પણ હવે પૈસાના જોરે દર્શન વેચાઈ રહ્યા છે અને જે પૈસા આપી શકે તેને જ ભગવાનના જલ્દી દર્શન થાય છે.

આ સમગ્ર વિવાદમાં એક વધુ ચોંકાવનારો અને સળગતો મુદ્દો એ પણ સામે આવ્યો છે કે, મંદિરમાં જ્યારે જ્યારે દર્શન વારંવાર બંધ થાય છે, ત્યારે આ કથિત 'ગુપ્ત દરવાજા' પાસે ભક્તોની ભારે ભીડ ઉમટી પડે છે. આ પરિસ્થિતિ જોઈને હવે ભક્તોના મનમાં એવી ગંભીર આશંકા જન્મી રહી છે કે, શું આ ૫૦૦ રૂપિયાની ઉઘાડી લૂંટ ચલાવવા અને કમાણી કરવા માટે જ મેઈન દરવાજો વારંવાર બંધ કરી દેવામાં આવતો હશે? શ્રદ્ધાળુઓને કલાકો સુધી લાઈનમાં ઉભા રાખીને મજબૂર કરવા અને ત્યારબાદ તેમને VIP ગેટ તરફ ધકેલવાનું આ કોઈ મોટું સુનિયોજિત કૌભાંડ હોય તેવું સ્પષ્ટ લાગી રહ્યું છે. આ પ્રકારના કથિત VIP કલ્ચરે શ્રદ્ધાળુઓમાં ભારે રોષ જન્માવ્યો છે. ધાર્મિક સ્થળો પર દરેક ભક્ત સમાન હોવો જોઈએ, પરંતુ બેટ દ્વારકામાં ગરીબ અને અમીર વચ્ચે આર્થિક ભેદભાવની મોટી દિવાલ ઉભી કરી દેવાઈ છે. આ વીડિયો અને લોકોની ફરિયાદો સામે આવ્યા બાદ હવે મંદિર પ્રશાસન અને સ્થાનિક તંત્રની ભૂમિકા શંકાના ઘેરામાં છે.



## દ્વારકા મંદિરમાં બનાવટી સરકારી ઓળખપત્રના આધારે VIP દર્શનનો પર્દાફાશ

### જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળીના અધિકારીની લેખિત ફરિયાદ બાદ સરકારી કાર્ડનો ઉપયોગ કરનાર સામે પોલીસ ફરિયાદ

**સિટી ન્યૂઝ@દ્વારકા**

જિલ્લામાં દ્વારકાધીશ જગત મંદિર ખાતે બનાવટી સરકારી ઓળખપત્રનો ઉપયોગ કરીને વી.આઈ.પી. દર્શનની સુવિધા અપાવવાના નામે ગેરરીતિ આચરવાનો ચોંકાવનારો મામલો પ્રકાશમાં આવ્યો છે. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ (ડી.એલ.એસ.એ.)ના અધિકારી ઉદયપાલસિંહ એચ. જાડેજાની લેખિત ફરિયાદના આધારે દ્વારકા પોલીસ મથકે એક વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતા તેમજ સ્ટેટ એમ્બ્લેમ ઑફ ઈન્ડિયા એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

પોલીસ ફરિયાદ મુજબ, આરોપી તરીકે સામે આવેલા પીએલવી તુલસીભાઈ નકુમે પોતે સરકારી કર્મચારી ન હોવા છતાં ભારત સરકારના રાજ્ય પ્રતીક અશોક ચક્ર સાથેનું બનાવટી ઓળખ પત્ર તૈયાર કરી તેનો અસલી સરકારી આઈકાર્ડ તરીકે ઉપયોગ કર્યો હતો. આ ઓળખ પત્રના આધારે દ્વારકાધીશ મંદિરમાં આવતા શ્રદ્ધાળુઓને વી.આઈ.પી. દર્શન કરાવવાની વ્યવસ્થા કરાવવાની પેરવી કરવામાં આવતી હતી. પ્રાથમિક તપાસ દરમિયાન આ પ્રવૃત્તિ દ્વારા આર્થિક લાભ મેળવવાનો પ્રયાસ કરવામાં આવતો હોવાની વિગતો પણ સામે આવી હોવાનું જાણવા મળે છે. સમગ્ર મામલો જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ધ્યાન પર આવતા સત્તાવાર રીતે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ફરિયાદના આધારે દ્વારકા પોલીસે ભારતીય ન્યાય સંહિતા ની કલમ ૨૦૪, ૩૩૫, ૩૩૬ અને ૩૩૮ ઉપરાંત ધ સ્ટેટ એમ્બ્લેમ ઑફ ઈન્ડિયા એક્ટની સંબંધિત જોગવાઈઓ હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. હાલ આ કેસની તપાસ દ્વારકા પોલીસ મથકના પી.એસ.આઈ. એન.એસ. ગોહિલ દ્વારા કરવામાં આવી રહી છે. તપાસ દરમિયાન બનાવટી ઓળખપત્ર કઈ રીતે તૈયાર કરવામાં આવ્યું, તેનો કેટલા સમયથી ઉપયોગ થતો હતો, તેના આધારે કેટલા લોકોને વી.આઈ.પી. દર્શનની સુવિધા અપાવવામાં આવી હતી તેમજ સમગ્ર કાવતરામાં અન્ય કોઈ વ્યક્તિની સંડોવણી છે કે નહીં તે સહિતના તમામ મુદ્દાઓની સઘન તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસે જણાવ્યું છે કે તપાસમાં સામે આવતી હકીકતોના આધારે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.



# ટંકારા તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ સહિત 500થી વધારે આગેવાનો કોંગ્રેસમાં જોડાયા

## ખેડૂત મુદ્દા, ટિકિટ વહેંચણી અને સંગઠનના કામકાજથી નારાજગી બાદ ભાજપને અલવિદા

## સહકારી વ્યવસ્થાને ભાજપે રાજકારણનો અડ્ડો બનાવી દીધી : અમદાવાદ ગાંધી ભવનમાં કાર્યક્રમ યોજાયો











**સિટી ન્યૂઝ@અમદાવાદ**

અમદાવાદ ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય મથક રાજીવ ગાંધી ભવનમાં કાર્યક્રમ યોજાયો હતો જેમાં મોરબી જિલ્લામાંથી ભાજપના વરિષ્ઠ આગેવાનો, સહકારી અને સામાજિક હોદ્દેદારો તેમજ ૫૦૦થી વધારે કાર્યકર્તાઓ વિધિવત રીતે કોંગ્રેસ પક્ષમાં જોડાયા હતા.

પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડાએ ભાજપમાંથી આવેલા વરિષ્ઠ નથુભાઈ કડીવાર (પૂર્વ તાલુકા પ્રમુખ ભાજપ ટંકારા, ડીરેક્ટર નસીતપર સહકારી મંડળી), લાલજીભાઈ દેત્રોજા (પૂર્વ ઉપપ્રમુખ ટંકારા તાલુકા ભાજપ, પૂર્વ સદસ્ય તાલુકા પંચાયત), ઉમેશભાઈ ગોહિલ, (કોષાધ્યક્ષ, ટંકારા ભાજપ), રાજુભાઈ કોટડીયા (પૂર્વ તાલુકા પંચાયત સદસ્ય, ટંકારા) અને તેમના સેંકડો સાથીઓને કોંગ્રેસનો ખેસ પહેરાવીને પક્ષમાં હાર્દિક આવકાર આપ્યો હતો. નવા જોડાયેલા સાથીઓને આવકારતા પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, આ તમામ સાથીઓ કોઈ હોદ્દા, સત્તા કે પદની લાલચ માટે નહીં પરંતુ પ્રજા પર થઈ રહેલા અન્યાય, અત્યાચાર અને ભેદભાવ સામે લડવા માટે વિપક્ષ તરીકે કોંગ્રેસમાં આવ્યા છે.

આજે સૌરાષ્ટ્ર અને સમગ્ર ગુજરાતમાં ખેડૂતો પર પારાવાર અત્યાચાર થઈ રહ્યો છે. ખેડૂતોના ખેતરોમાં જબરદસ્તીથી વીજળીના ટ્રાન્સમિશન ટાવર ઊભા કરવામાં આવે છે અને જો ખેડૂતો કે બહેન-દીકરીઓ તેની સામે અવાજ ઉઠાવે તો પોલીસ તેમને ઢસડી ઢસડીને લાઠીચાર્જ કરે છે અને જેલમાં પૂરે છે, છતાં ભાજપનો કોઈ નેતા અવાજ ઉઠાવતો નથી. ખેડૂતોનો પક્ષ લેવાને બદલે આ સરકાર અદાણી જેવા મોટા ઉદ્યોગપતિઓની દલાલી કરવામાં વ્યસ્ત છે.

વધુમાં અમિત ચાવડાએ કહ્યું કે, સરદાર સાહેબે "વિના સહકાર નહીં ઉદ્ધાર" ના ઉદ્દેશ સાથે જે ભવ્ય સહકારી વ્યવસ્થા ઊભી કરી હતી, તેને ભાજપના નેતાઓએ સત્તાના સ્વાર્થ માટે રાજકારણનો અડ્ડો બનાવી દીધી છે. અમૂલ, ડિસ્ટ્રિક્ટ બેંકો અને ગામડાની નાની મંડળીઓમાં પહેલા પક્ષ કે જ્ઞાતિ જોયા વગર લોકહિતનું કામ થતું હતું, જ્યારે આજે ત્યાં એટલો મોટો ભ્રષ્ટાચાર અને ભેદભાવ વ્યાપી ગયો છે.

કે આ માળખું હવે મુઠ્ઠીભર લોકોના હાથમાં ભ્રષ્ટાચારનું સાધન બની ગયું છે. અંતમાં તેઓ જણાવ્યુ હતું કે, તાનાશાહી અને ભ્રષ્ટાચાર સામે સૌ સાથે મળીને લડીશું અને રાહુલ ગાંધીજીના સંકલ્પ મુજબ ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીમાં જનતાના આક્રોશને વાચા આપીને ગુજરાતમાં ૧૦૦ ટકા સત્તા પરિવર્તન લાવીને રહીશું. આ તકે વાંકાનેરના પૂર્વ ધારાસભ્ય જાવેદ પીરજાદા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ બિમલ શાહ, મહામંત્રી હિમાંશુ પટેલ, મીડિયા ક્ધવીનર અને પ્રવક્તા ડો. મનીષ દોશી, મીડિયા કો-ક્ધવીનર અને પ્રવક્તા હેમાંગ રાવલ, મોરબી શહેર પ્રમુખ પુષ્પરાજસિંહ જાડેજા તેમજ રાજુભાઈ આહીર સહિતના હાજર રહ્યા હતા.

### હસ્તરેખા, વાસ્તુશાસ્ત્ર, અંકજ્યોતિષની તાલીમ અપાશે

# ગુજરાતમાં જ્યોતિષ શિક્ષણના વર્ગો શરૂ થશે ; બ્રહ્મ સમાજનો નિર્ણય...





## પરંપરાગત જ્ઞાનને મળશે પ્રોત્સાહન, સમસ્ત બ્રહ્મસમાજ ગુજરાતમાં લાવશે જ્ઞાનની નવી લ્હેર





**સિટી ન્યૂઝ@પાલનપુર**

ભારતની હજારો વર્ષ જૂની વૈદિક જ્ઞાનપરંપરા, જ્યોતિષ વિજ્ઞાન અને ભારતીય સંસ્કૃતિના સંવર્ધન માટે સમસ્ત બ્રહ્મ સમાજ ગુજરાત દ્વારા એક ઐતિહાસિક પહેલ હાથ ધરવામાં આવી છે. સમાજના જ્ઞાનપીઠના માધ્યમથી આગામી સમયમાં સમગ્ર ગુજરાતમાં જ્યોતિષ વિજ્ઞાન, હસ્તરેખા શાસ્ત્ર, અંકજ્યોતિષ સહિતના વિવિધ અભ્યાસવર્ગો શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. આ પહેલનો મુખ્ય હેતુ ભારતની પ્રાચીન જ્ઞાનપરંપરાનો અભ્યાસ કરવાની તક નવી પેઢીને ઉપલબ્ધ કરાવવાનો, પરંપરાગત વિદ્યાઓ પ્રત્યે રસ વધારવાનો અને અભ્યાસી યુવાનોને માર્ગદર્શન આપવાનો છે. જ્યોતિષ વિજ્ઞાન ઉપરાંત વાસ્તુ શાસ્ત્રના અભ્યાસને પણ વિશેષ પ્રાધાન્ય આપવામાં આવશે. જ્ઞાનપીઠ દ્વારા વાસ્તુ શાસ્ત્રના મૂળભૂત સિદ્ધાંતો તેમજ તેના વ્યવહારુ અભ્યાસ માટે પણ વિશેષ વર્ગોનું આયોજન કરાશે.

પાલનપુરમાં અત્યાર સુધી યોજાયેલા બે અભ્યાસવર્ગો દ્વારા ૧૦૦ થી વધુ તાલીમાર્થીઓએ જ્યોતિષ વિજ્ઞાનનો અભ્યાસ પૂર્ણ કર્યો છે અને ત્રીજા વર્ગની શરૂઆત કરવામાં આવી છે. આ સકારાત્મક પ્રતિસાદને ધ્યાનમાં રાખીને હવે રાજ્યના અન્ય શહેરોમાં પણ આવા વર્ગો શરૂ કરવાની યોજના બનાવવામાં આવી રહી છે. સમસ્ત બ્રહ્મ સમાજ ગુજરાતના યુવા પ્રમુખ મનોજભાઈ ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, ભારતની વૈદિક જ્ઞાનપરંપરામાં જ્યોતિષ, હસ્તરેખા અને અંકજ્યોતિષ જેવા વિષયોનું વિશિષ્ટ સ્થાન રહ્યું છે. આ જ્ઞાનને આગામી પેઢી સુધી પહોંચાડવા માટે સુવ્યવસ્થિત તાલીમ, વ્યાખ્યાનો અને અભ્યાસક્રમોનું આયોજન કરાશે. જ્ઞાનપીઠના પરમ ગુરુ ડો. જગદીશચંદ્ર મહેતાએ જણાવ્યું હતું કે, આવા વર્ગો દ્વારા આવનારી પેઢીને જ્ઞાન આપવું છે અને આ વર્ગોમાં નિશુલ્ક તાલીમ અપાશે.

જ્ઞાનપીઠ દ્વારા અનુભવી માર્ગદર્શકોના સહકારથી નિયમિત વર્ગો યોજાશે, જેથી રસ ધરાવતા વિદ્યાર્થીઓ, યુવાનો અને સમાજના અન્ય સભ્યોને અભ્યાસની તક મળી શકે. સમાજનો વિશ્વાસ છે કે આ પહેલથી ભારતીય જ્ઞાનપરંપરા પ્રત્યે જાગૃતિ વધશે અને સાંસ્કૃતિક વારસાના સંવર્ધનમાં મહત્વપૂર્ણ યોગદાન મળશે.

સમસ્ત બ્રહ્મ સમાજ ગુજરાતે રાજ્યભરના યુવાનો, વિદ્યાર્થીઓ અને ભારતીય પરંપરાગત જ્ઞાનમાં રસ ધરાવતા તમામ લોકોને આ અભિયાન સાથે જોડાવા અને ભારતની સમૃદ્ધ વૈદિક જ્ઞાનપરંપરાના સંવર્ધનમાં સહભાગી બનવા અપીલ કરી છે. આ દીક્ષાંત સમારોહમાં જાણીતા જ્યોતિષ શાસ્ત્રી રમેશભાઈ શુક્લ, ધારાસભ્ય અનિકેતભાઈ ઠાકર, જિલ્લા પંચાયત પ્રમુખ વસંતભાઈ પુરોહિત, જિલ્લા બ્રહ્મ સમાજના પ્રમુખ અરુણભાઈ જોષી અને જ્ઞાનપીઠના પ્રધાન આચાર્ય દીપકભાઈ ડી. જોષી ઉપસ્થિત રહ્યા હતા.

## રાજકોટ મનપાનું નવું અભિયાન; કેટલી સ્ટ્રીટલાઇટ બંધ છે ?

# શહેરના 18 વોર્ડમાં રાત્રે પેટ્રોલીંગ કરી સ્ટ્રીટલાઇટની સમસ્યાઓનો ઉકેલવાશે

**15 ઓગસ્ટ સુધીમાં શહેરને અંધારા મુક્ત કરવાનો રોશની સમિતિના ચેરમેન ડો. પરેશ ઠાકરનો દ્રઢ સંકલ્પ**

» માત્ર કાગળ પર નહીં, રોશની સમિતિ અને અધિકારીઓ રૂબરૂ સ્થળ પર જઈને લાવશે પ્રશ્નોનો 100 ટકા ઉકેલ

» કોલ સેન્ટર પર આવેલી 1591 ફરિયાદોમાંથી મોટાભાગની ઉકેલાઈ, છતાં વાસ્તવિક સ્થિતિ જાણવા વોર્ડવાઈઝ ફેરણીનું આયોજન

» 20 જુલાઈથી 12 ઓગસ્ટ સુધી દરરોજ રાત્રે 9 થી 11 વાગ્યા સુધી અલગ-અલગ વોર્ડમાં ચાલશે ઝુંબેશ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રજાને અપાતી પ્રાથમિક સુવિધાઓમાં અત્યંત મહત્વની એવી સ્ટ્રીટ લાઈટની સમસ્યાઓના કાયમી અને સચોટ ઉકેલ માટે એક નવું અને સઘન અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. રોશની સમિતિના ચેરમેન અને વોર્ડ નં. ૧ ના કોર્પોરેટર ડો. પરેશ ઠાકરે સ્પષ્ટ કર્યું છે કે, હવેથી સ્ટ્રીટ લાઈટની ફરિયાદોનો ઉકેલ માત્ર કોલ સેન્ટર, મોબાઈલ કે મેસેજ પૂરતો સીમિત નહીં રહે, પરંતુ વાસ્તવમાં સ્થળ પર જઈને તેનું નિરાકરણ કરવામાં આવશે.

રોશની સમિતિના ચેરમેને ૧૫ ઓગસ્ટ પહેલા રાજકોટ શહેરના તમામ ૧૮ વોર્ડને અંધારા મુક્ત કરવાનો અને દરેક વીજ પોલની ફરિયાદોનો ૧૦૦ ટકા ઉકેલ લાવવાનો દ્રઢ સંકલ્પ કર્યો છે. આ માટે તેમણે કમિશનરને પત્ર લખીને તમામ



સંબંધિત અધિકારીઓને આ અભિયાનમાં હાજર રહેવા તાકીદ કરી છે. આ ઝુંબેશના શ્રી ગણેશ સોમવારથી મેયર નેહલભાઈ શુક્લ, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, ધારાસભ્ય દર્શિતાબેન શાહ અને ભાજપ અધ્યક્ષ ડો. માધવભાઈ દવેના હસ્તે કરવામાં આવશે.

આ કાર્યક્રમ હેઠળ રોશની સમિતિના ચેરમેન ડો. પરેશ ઠાકર, વાઈસ ચેરમેન રાજશ્રીબેન માલવીયા, સભ્યો રીટાબેન સખીયા, જયશ્રીબેન જાડેજા અને રાજેશભાઈ સાગઠીયા દરરોજ રાત્રે ૯ થી ૧૧ વાગ્યા સુધી ક્રમબદ્ધ રીતે અલગ-અલગ વોર્ડ ઓફિસે હાજર રહેશે. તેઓ જે-તે વિસ્તારમાં જઈને લોકોની ફરિયાદો સાંભળશે અને કોઈપણ ટેકનિકલ એરર કે પેન્ડિંગ પ્રશ્નોનો સ્થળ પર જ નિકાલ લાવશે.

વિધાનસભા વિસ્તાર મુજબ જવાબદારીઓ પણ સોંપવામાં આવી છે. જેમાં ૬૮-રાજકોટ (પૂર્વ) ના ઈન્ચાર્જ તરીકે રાજશ્રીબેન માલવીયા, ૬૯-રાજકોટ (પશ્ચિમ) માં રીટાબેન સખીયા, ૭૦-રાજકોટ (દક્ષિણ) તથા ૭૧-રાજકોટ (ગ્રામ્ય) માં રાજેશભાઈ સાગઠીયા ઈન્ચાર્જ રહેશે.

### ટોલ ફ્રી નંબર 155304 પર ફરિયાદ કરવા અપીલ

ડો. પરેશ ઠાકરે જણાવ્યું હતું કે, ગત તા. ૧૦ થી ૧૬ દરમિયાન મનપાના કોલ સેન્ટરમાં રોશની વિભાગને લગતી કુલ ૧૫૯૧ ફરિયાદો મળી હતી, જેમાંથી ૧૫૭૨ ફરિયાદોનો ઉકેલ આવી ગયો છે અને માત્ર ૧૯ જ પેન્ડિંગ છે. આંકડાકીય રીતે ભલે ફરિયાદો ઓછી દેખાતી હોય, પરંતુ વાસ્તવિક સ્થિતિનો તાગ મેળવવા આ ફેરણીનું આયોજન કરાયું છે. તેમણે નગરજનોને અપીલ કરી છે કે સ્ટ્રીટ લાઈટની કોઈ પણ સમસ્યા હોય તો અચૂકપણે કોલ સેન્ટરના સંપર્ક નંબર ૧૫૫૩૦૪ પર ફરિયાદ નોંધાવે, જેથી તેનો ૧૦૦ ટકા નિકાલ લાવી શકાય.

### વોર્ડવાઈઝ ફેરણીનો કાર્યક્રમ

| વોર્ડ નં. | તારીખ |
|---|---|
| 1 | 20-7 |
| 2 | 21-7 |
| 3 | 22-7 |
| 4 | 23-7 |
| 5 | 24-7 |
| 6 | 27-7 |
| 7 | 28-7 |
| 8 | 29-7 |
| 9 | 30-7 |
| 10 | 31-7 |
| 11 | 3-8 |
| 12 | 4-8 |
| 13 | 5-8 |
| 14 | 6-8 |
| 15 | 7-8 |
| 16 | 10-8 |
| 17 | 11-8 |
| 18 | 12-8 |

# રાજકોટ PCBએ થાનગઢના શખ્સની 2 તમંચા 1 કટ્ટા સાથે કરી ધરપકડ

## વેપન કાર્ટેલ ગેંગના 14 ઝડપાયા : કુલ 31 હથિયાર 32 કાર્ટીસ જપ્ત

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ પીસીબીની ટીમે ગત સોમવારે એમપીના મિર્ઝાપુરના મુખ્ય સપ્લાયર શકીલ સાદિક મન્સૂરી, જસદણના જયસુખ ઉર્ફે જેસો વલ્લભભાઈ વાઘેલા, ચોટીલાના ગાવસ્કર ઉર્ફે દર્શન ચંદ્રમૌલિક ઉર્ફે અનિલભાઈ રોજાસરા, અનિલ વીરાભાઈ ખેતરીયા અને પ્રદીપ અનકભાઈ કરપડાની ધરપકડ કરી ૧૦ દેશી પિસ્તોલ, ૫ દેશી કટ્ટા, ૧ દેશી



રિવોલ્વર, ૩૦ જીવતા કાર્ટીસ કબ્જે કર્યા બાદ વડ વાજડીના સંદીપસિંહ પરમારને બે દેશી બનાવટની પિસ્ટલ સાથે ઝડપી લીધો હતો ત્યાર બાદ આરીફ ગફારભાઈ પઠાણને એક દેશી પિસ્ટલ સાથે અને જયપાલ રાજેશભાઈ ડેડાણિયાને ૨ પિસ્ટલ તથા બે જીવતા કાર્ટીસ સાથે ઝડપી લીધા હતા બાદમાં ધ્રુવ ઉર્ફે કનૈયો સુનિલગિરી ગોસ્વામી, જયરાજ ઉર્ફે લાલો પીઠુભાઈ ખાચર અને શ્યામ રાજુભાઈ પરમારની ધરપકડ કરી વધુ ૩ હથિયાર કબ્જે કર્યા હતા તે પછી જીલુ ભુપતભાઈ બારૈયા અને ઋતુરાજ અનકભાઈ ખાચરને ઝડપી લઈ બે દેશી પિસ્ટલ અને બે દેશી કટ્ટા કબ્જે કર્યા હતા અને હવે થાનગઢના યશપાલસિંહ જયપાલસિંહ ઝાલાને બે દેશી બનાવટની પિસ્ટલ અને એક દેશી કટ્ટા સાથે ઝડપી લેતા ધરપકડનો આંક ૧૪ સુધી પહોંચી ગયો છે યશપાલસિંહ સામે આર્મ્સ, દારૂ સહીત ૪ ગુના નોંધાઈ ચુક્યા છે.

# સોમનાથ મંદિર નજીક ખુલ્લી ગટરે યાત્રિકોના જીવ જોખમમાં મૂક્યા

## સાગર દર્શન રોડ પર એક સપ્તાહથી તૂટેલું ઢાંકણું ખુલ્લું; પાલિકાની બેદરકારી સામે સ્થાનિકો અને યાત્રિકોમાં રોષ

**સિટી ન્યૂઝ@ગીર સોમનાથ**



વિશ્વવિખ્યાત સોમનાથ મહાદેવ મંદિર નજીક આવેલા સાગર દર્શન રોડ પર વેરાવળ નગરપાલિકાની બેદરકારી સામે આવી છે. ગટર સફાઈ બાદ તૂટેલું ઢાંકણું બદલવાને બદલે ખુલ્લી ગટર એક સપ્તાહથી યથાવત રાખવામાં આવતા યાત્રિકો અને સ્થાનિકોના જીવ જોખમમાં મુકાયા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, ખાસ કરીને રાત્રિના સમયે પ્રકાશ ઓછો હોવાથી ખુલ્લી ગટર દેખાતી નથી અને અનેક યાત્રિકોના પગ તેમાં પડી જતા ઈજાઓ થવાના બનાવો બન્યા હોવાનો આક્ષેપ છે. દેશ-વિદેશથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવતા યાત્રાધામ નજીક આવી સ્થિતિ સર્જાતા પાલિકાની કામગીરી સામે અસંતોષ વ્યક્ત થઈ રહ્યો છે.સ્થાનિકોનો આક્ષેપ છે કે સફાઈ કર્મચારીઓ નિયમિત ગટર સફાઈ કરે છે, પરંતુ કામગીરી પૂર્ણ થયા બાદ તૂટેલા ઢાંકણાની જગ્યાએ નવું ઢાંકણું મૂકવામાં આવતું નથી કે જરૂરી સુરક્ષા વ્યવસ્થા પણ કરવામાં આવતી નથી. પરિણામે ખુલ્લી ગટર સતત અકસ્માતનું કારણ બની રહી છે.

સ્થાનિકોએ વધુમાં જણાવ્યું હતું કે વેરાવળ-સોમનાથ જોડિયા શહેરમાં સફાઈ, રખડતા પશુઓ અને અન્ય નાગરિક સુવિધાઓના પ્રશ્નો અગાઉથી જ યથાવત છે. અનેક રજૂઆતો છતાં કાયમી ઉકેલ લાવવામાં આવતો નથી. સ્થાનિકોની માંગ છે કે જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવે તેમજ સોમનાથ મંદિર આસપાસની જાહેર સુવિધાઓનું તાત્કાલિક નિરીક્ષણ કરી જરૂરી સુધારાત્મક પગલાં ભરવામાં આવે.

# લીલીયામાં પૂરના પ્રવાહમાં તણાતા સ્કૂલ સંચાલકનું કરુણ મોત



## » કાંકચ નજીક ભારે વરસાદ બાદ વોંકળામાં અચાનક પૂર આવ્યું; અન્ય એક વ્યક્તિનો આબાદ બચાવ

**સિટી ન્યૂઝ@ધર્મેશ મહેતા-અમરેલી**

અમરેલી જિલ્લાના લીલીયાના ગ્રામીણ પંથકમાં વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો અને મેઘરાજા મહેરબાન બનતા જનજીવન પ્રભાવિત થયું હતું. ખાસ કરીને લીલીયાના ક્રાંકચ ગામ નજીક આવેલા બાવળા ડુંગરમાં ભારે વરસાદ ખાબકતા ડુંગર પરથી પાણીના પ્રવાહ નીચે તરફ ધસી આવ્યા હતા જેને લઈ સ્થાનિક નદીના વોંકળામાં અચાનક પૂરની સ્થિતિ સર્જાઈ હતી. મળતી માહિતી મુજબ,

ભોરીંગડા ગામની નાલંદા સ્કૂલના સંચાલક જગદીશભાઈ રંગપરા અન્ય એક વ્યક્તિ સાથે ક્રાંકચથી પરત ફરી રહ્યા હતાં. આ દરમિયાન તેઓ પૂરના પાણી વચ્ચેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પાણીના જોરદાર પ્રવાહે તેમને પોતાની ઝપેટમાં લઈ લીધા હતા. પાણીનો પ્રવાહ એટલો તેજ હતો કે બાઈક અને બન્ને વ્યક્તિઓ એકાદ કિલોમીટર સુધી દૂર તણાઈ ગયા હતા. આ દુર્ઘટનામાં અન્ય એક શખ્સનો આબાદ બચાવ થયો હતો પરંતુ સંચાલક જગદીશભાઈ રંગપરા પાણીના ભારે પ્રવાહમાં તણાઈ જતા તેમનું કરુણ મોત નિપજ્યું હતું. આ ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સી સેવાને જાણ કરવામાં આવી હતી. જગદીશભાઈના મૃતદેહને લીલીયા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. શિક્ષકનું આકસ્મિક રીતે પૂરના પાણીમાં તણાઈ જવાથી મોત થતાં સમગ્ર પંથકમાં શોકમય માહોલ છવાયો છે. તંત્ર દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ભરૂડી ટોલનાકાના મહિલા શૌચાલયમાં મોબાઈલ મૂકી વિડીયો બનાવતો સફાઈ કર્મચારી ઝડપાયો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ-ગોંડલ નેશનલ હાઈવે પર આવેલા ભરૂડી ટોલપ્લાઝાના મહિલા શૌચાલયમાં મોબાઈલ છુપાવી મહિલાઓના ગુપ્ત વીડિયો ઉતારવાનો પ્રયાસ સામે આવતા ચકચાર મચી છે. ટોલ પ્લાઝાના અધિકારીઓની નિયમિત તપાસ દરમિયાન મહિલા શૌચાલયમાંથી વીડિયો રેકોર્ડિંગ ચાલુ હાલતમાં મોબાઈલ મળી આવ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ, ૧૬/૦૭/૨૦૨૬ના રોજ ટોલ પ્લાઝા પર રેગ્યુલર ઈન્સ્પેકશન દરમિયાન મહિલા શૌચાલયમાંથી મોબાઈલ મળી આવતા તેની તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસમાં મોબાઈલ ટોલ પ્લાઝામાં સફાઈ કર્મચારી તરીકે ફરજ બજાવતા દીપુ દિલીપ ભાદરકા (રહે. સુત્રાપાડા, ગીર સોમનાથ)નો હોવાનું સામે આવ્યું હતું. ટોલ પ્લાઝાના કર્મચારીઓએ પૂછપરછ કરતાં આરોપીએ મહિલાઓ શૌચાલયમાં આવે ત્યારે તેમના ખાનગી વીડિયો ઉતારવાના ઈરાદે મોબાઈલ છુપાવ્યો હોવાનું કથિત રીતે સ્વીકાર્યું હતું. ત્યારબાદ ટોલ પ્લાઝા તરફથી ગોંડલ તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ફરિયાદના આધારે ગોંડલ તાલુકા પોલીસે



BNSની કલમ ૭૭ હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે. પોલીસે મોબાઈલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL)માં પરીક્ષણ માટે મોકલી આપ્યો છે. મોબાઈલમાંથી અગાઉ આવા કેટલા વીડિયો બનાવવામાં આવ્યા હતા અથવા તે કોઈને શેર કરવામાં આવ્યા હતા કે કેમ તે સહિતના મુદ્દે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. કેસની તપાસ પીએસઆઈ જી.બી. જાડેજા ચલાવી રહ્યા છે.

# સિદ્ધનાથ ટ્રસ્ટે 1,000થી વધુ રોપાનું વિનામૂલ્યે વિતરણ કર્યું

## વૃક્ષ મહાઆરતી, વૃક્ષારોપણ અને પર્યાવરણ જાગૃતિના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા








**સિટી ન્યૂઝ@રાજકોટ**

શ્રી સિદ્ધનાથ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૨૫ વર્ષથી સતત વિવિધ સેવાકીય અને સમાજલક્ષી પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે, જેના કારણે ટ્રસ્ટે સમાજમાં વિશેષ સ્થાન મેળવ્યું છે. તેના ભાગરૂપે ચોમાસાની ઋતુ દરમિયાન વન વિભાગના સંયુક્ત ઉપક્રમે પ્રમુખસ્વામી ઓડિટોરિયમ સામે, રૈયા રોડ ખાતે ભવ્ય રોપા વિતરણ અને વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૧,૦૦૦થી વધુ લોકોને વિનામૂલ્યે વિવિધ પ્રકારના રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું, જેને કારણે પર્યાવરણ પ્રત્યે જાગૃતિનો સંદેશ વ્યાપક રીતે ફેલાયો હતો.

ટ્રસ્ટના ડૉ. રાજેશ ત્રિવેદીએ જણાવ્યું હતું કે કાર્યક્રમમાં છાંયો આપતાં વૃક્ષો, ફળાઉ વૃક્ષો, શેરી વૃક્ષો તેમજ વિવિધ ફળફળાદિનાં રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આજના સમયમાં પર્યાવરણનું સંતુલન જાળવવું અત્યંત જરૂરી બની ગયું છે અને તેમાં વૃક્ષોનું મહત્વ અતિમહત્વપૂર્ણ છે. દરેક નાગરિકે ઓછામાં ઓછું એક વૃક્ષ વાવી તેનું સંરક્ષણ અને જતન કરવાની જવાબદારી નિભાવવી જોઈએ, જેથી આવનારી પેઢીને સ્વચ્છ અને હરિયાળું પર્યાવરણ મળી શકે.

કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ ૨૧ દીપ સાથે વૃક્ષોની અલૌકિક મહાઆરતી અને પૂજન રહ્યું હતું, જેના કારણે સમગ્ર વાતાવરણ ભક્તિમય, પવિત્ર અને આનંદમય બની ગયું હતું. આ અનોખી મહાઆરતી દ્વારા પર્યાવરણ પ્રત્યેની શ્રદ્ધા અને સંવેદનાનો સંદેશ પણ આપવામાં આવ્યો હતો.

પ્રસંગે અભિષેકલાલજી બાવાશ્રી, એમપ્રસાદ દવે, રમેશ ટીલાળા, દર્શિતા શાહ, અમૃતલાલ ભારડિયા, દેવજી ફતેપરા, નયન રાણપરા, ભાયા સાહોલિયા, મંગેશ દેસાઈ, પરેશ ઠાકર, અંજના મોરજરિયા, સેજલ ચૌધરી, તેજસ ત્રિવેદી, મોનીષ જોશી, વિરલ દવે અને સમીર પંડ્યા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. તમામ મહાનુભાવોએ ટ્રસ્ટની સેવાકીય પ્રવૃત્તિઓ અને પર્યાવરણ જાગૃતિના આ અભિયાનને બિરદાવી શુભેચ્છાઓ પાઠવી હતી.

કાર્યક્રમનું આયોજન જયેશ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ ડૉ. રાજેશ ત્રિવેદી, રાજુ ઝુંઝા, ઋષિ ત્રિવેદી, ચેતન ગોહિલ, ઋષિલ ત્રિવેદી, જીત જોશી, વલય ઓઝા, રાહુલ સોલંકી તથા અન્ય કાર્યકરોના સહયોગથી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું.

# રાજકોટના ભગવતીપરા અને શાપર ગામની પરણિતાને સાસરીયાઓનો ત્રાસ

» પુત્ર વધુ અને બાળક બંને ભલે મરી જાય કહી સાસુ સહીતનો પરિણીતાને ત્રાસ

» અન્ય બનાવમાં અંધશ્રધ્ધામાં માનતા સાસરીયાઓ મહિલાને હેરાન કરતા હતા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના ભગવતીપરામાં રહેતી તેમજ શાપરની મહિલાઓને પતિ સહિતના સાસરીયાઓ દ્વારા ત્રાસ આપ્યાની બે ફરિયાદ નોંધાવતા મહિલા પોલીસ અને ભક્તિનગર પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

રાજકોટના ભગવતીપરા પાસેના સુખસાગર સોસાયટીમાં માવતરના ઘેર રહેતા પૂજાબેન ભાવીનભાઈ ઝાલાએ ફરીયાદ કરી હતી જેમા તેના લગ્ન ફેબ્રુઆરી ૨૦૨૧માં ભાવિન રાજેશભાઈ ઝાલા સાથે જ્ઞાતિના રીત-રિવાજ મુજબ થયા હતા. જેઠ પંકજભાઈ શહેરમાં નવરંગ ગરબા ક્લાસીસક ચલાવતા હોય . લગ્ન ગાળા દરમિયાન પતિ ભાવિન અન્ય યુવતીઓ સાથે ઈન્સ્ટાગ્રામ પર પ્રેમ સંબંધો અને વાંધાજનક ચેટિંગ કરતો પકડાયો હતો. આ અનૈતિક સંબંધો બાબતે પત્ની પૂજાબેને વિરોધ કરતાં પતિએ તેને ઢોર માર માર્યો હતો અને ગળેફાંસો ખાઈ આપઘાત કરવાની ધમકીઓ આપી માવતરના ઘેર મોકલી દીધી હતી.

દરમિયાન પૂજાબેન ગર્ભવતી થતાં તેમણે પતિને ફોન પર જાણ કરી હતી. જોકે, પતિએ સંવેદનશીલતા નેવે મૂકીને જણાવ્યું કે, 'મારે આ બાળક નથી જોઈતું. તું ગર્ભપાતની દવા લઈ લે.' તેમજ જ્યારે શ્રીમંત પ્રસંગની ચર્ચા કરવા માટેપૂજાબેનના માતા સાસરીમાં ગયા ત્યારે સાસુ ધનુબેને ક્રૂરતાપૂર્વક કહી દીધું કે, 'પૂજા અને તેનું બાળક બંને ભલે મરી જાય!' સાસરિયાના સતત ત્રાસ, મહેણાં-ટોણાં અને પતિના અનૈતિક લફરાંથી ત્રસ્ત થઈ આખરે સગર્ભા પરિણીતાએ પતિ ભાવિન, સાસુ ધનુબેન, સસરા રાજેશભાઈ, જેઠ પંકજભાઈ અને જેઠાણી રેખાબેન સહિતના સાસરિયાઓ વિરુદ્ધ પોલીસમાં ફરીયાદ કરતા મહિલા પોલીસે ગુનો નોંધી આરોપીઓની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

જ્યારે અન્ય બનાવમાં શાપર-વેરાવળની અને હાલ રાજકોટના દેવપરામાં માવતરના ઘરે રહેતા બિમલબેન રવિન્દ્રભાઈ કારેલીયા (ઉ.વ.૩૯) નામની મહિલાએ પતિ રિવન્દ્ર, સાસુ અરૂણાબેન અને દિયર સામે ફરિયાદ નોંધાવી છે. જેમાં તેના પુત્રોને કારખાનામાં અકસ્માતે ઈજા થતા તેના પતિને ફોન કરવા છતાં પતિ ખબર કાઢવા ન આવ્યો તેમજ સાસુ અને દિયર અવાર નવાર હેરાન કરતા હોય ઘરે ભુવા બોલાવી તું મારા છોકરા સાથે છુટ્ટુ કરી નાખ કહીં મારકુટ કરતા હોવાનું જણાવતા ભક્તિનગર પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

# દિયાબા રાજપૂત 'છાત્રોં કી ગૂંજ'ના અમદાવાદ સિટી એમ્બેસેડર બન્યા

## શિક્ષણ સુધારણા અને વિદ્યાર્થીઓના અધિકારો માટે જાગૃતિ અભિયાનને મળશે નવી દિશા

સિટી ન્યૂઝ@અમદાવાદ

શિક્ષણ સુધારણા અને વિદ્યાર્થીઓના અધિકારો માટે કાર્યરત રાષ્ટ્રીય અભિયાન 'છાત્રોં કી ગૂંજ' દ્વારા દિયાબા રાજપૂતની અમદાવાદ શહેરના સિટી એમ્બેસેડર તરીકે નિમણૂક કરવામાં આવી છે. દિયાબા રાજપૂત અગાઉ NSUIના નેશનલ કોઓર્ડિનેટર તેમજ દિલ્હીના પ્રભારી તરીકે મહત્વપૂર્ણ જવાબદારીઓ સંભાળી ચૂક્યા છે અને વિદ્યાર્થી આંદોલનોમાં સક્રિય ભૂમિકા ભજવી ચૂક્યા છે.



સંસ્થાના જણાવ્યા મુજબ, 'સેવ એજ્યુકેશન, સેવ યોર ફ્યુચર' સૂત્ર સાથે ચાલી રહેલું આ અભિયાન શિક્ષણ વ્યવસ્થામાં પારદર્શિતા, જવાબદારી અને વિદ્યાર્થીઓને સમાન તકો મળે તે માટે કાર્યરત છે. પેપર લીક, પરીક્ષામાં ગેરરીતિ અને શિક્ષણ ક્ષેત્રના અન્ય પ્રશ્નો સામે જાગૃતિ લાવવાનો પણ અભિયાનનો મુખ્ય હેતુ છે. આજના સમયમાં વિદ્યાર્થીઓને ભોગવવી પડતી અનિશ્ચિતતા અને તણાવને ધ્યાનમાં રાખીને આ અભિયાન વધુ મહત્વપૂર્ણ બની રહ્યું છે.

દિયાબા રાજપૂત અમદાવાદમાં વિદ્યાર્થીઓને તેમના શૈક્ષણિક અધિકારો અંગે જાગૃત કરવા, વિદ્યાર્થીઓને સંગઠિત કરવા, શિક્ષણ સુધારણા માટે અવાજ બુલંદ કરવા તેમજ સંબંધિત સત્તાધિકારીઓ સમક્ષ રજૂઆતો કરવામાં સેતુરૂપ બનશે. તેઓ વિદ્યાર્થીઓ અને સંસ્થાઓ વચ્ચે સંવાદ સ્થાપિત કરી સમસ્યાઓના ઉકેલ માટે પ્રયત્નશીલ રહેશે. અભિયાનનો સંદેશ 'મેરિટ વિન્સ, નોટ લીક્સ' હોવાનું પણ જણાવાયું છે, જે શિક્ષણમાં ન્યાય અને પારદર્શિતાને પ્રાથમિકતા આપે છે.

દિયાબા રાજપૂતે વિદ્યાર્થીઓને આ અભિયાન સાથે જોડાઈ શિક્ષણ સુધારણાની લડતમાં ભાગીદાર બનવા અપીલ કરી છે. તેમણે જણાવ્યું કે યુવાનોનો સક્રિય સહભાગ જ શિક્ષણ ક્ષેત્રમાં સકારાત્મક પરિવર્તન લાવી શકે છે. અભિયાન સાથે જોડાવા ઇચ્છુક વિદ્યાર્થીઓ 9873036161 પર મિસ્ડ કોલ કરી અથવા chhatronkigoonj.in વેબસાઇટની મુલાકાત લઈને વધુ માહિતી મેળવી શકે છે.

# અતુલ ઓટોના સ્થાપના દિવસે GCRI માટે 175 યુનિટ રક્તદાન

## શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી યોજાયેલા કેમ્પમાં કેન્સરના દર્દીઓ માટે રક્ત એકત્ર કરાયું

સિટી ન્યૂઝ@અમદાવાદ

અતુલ ઓટો લિમિટેડના ૩૫મા સ્થાપના દિવસ નિમિત્તે અમદાવાદ સિવિલ હોસ્પિટલ સ્થિત ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (GCRI)ના ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનના કેન્સરના જરૂરિયાતમંદ દર્દીઓના લાભાર્થે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી ગામ ભાયલા, તાલુકા બાવળા ખાતે વિશાળ રક્તદાન કેમ્પ યોજાયો હતો.




કેમ્પમાં ૧૭૫ લોકોએ સ્વૈચ્છિક રક્તદાન કરીને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. એકત્ર થયેલી ૧૭૫ યુનિટ રક્ત અમદાવાદ સિવિલ હોસ્પિટલની કેન્સર હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓ માટે અર્પણ કરવામાં આવ્યું હતું. રાજ્યમાં વિવિધ બ્લડ ગ્રુપની અછત વચ્ચે આ રક્તદાન કેમ્પ મહત્વપૂર્ણ બન્યો હતો.

પ્રસંગે અતુલ ઓટો લિમિટેડના ડિરેક્ટર નિરજ ચાન્દ્રાએ પણ રક્તદાન કર્યું હતું. પિયુષ મિસ્ત્રી, જયદીપ દેશાણી, દિવ્યેશ અખાજા, ભાવિક ઠક્કર, ધર્મેશ સુરૈયા, પ્રિયંકા પટેલ અને હમિષા શેઠીયા સહિત એચ.આર. ટીમના સભ્યોએ કેમ્પમાં સહયોગ આપ્યો હતો. GCRIની બ્લડ બેન્કના ડોક્ટરો અને ટેકનિશિયનોએ પણ રક્ત સંગ્રહની કામગીરી સંભાળી હતી.

શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણીએ તમામ રક્તદાતાઓનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે એક વ્યક્તિના રક્તદાનથી ત્રણ વ્યક્તિઓને જીવનદાન મળી શકે છે. તેમણે સ્વસ્થ નાગરિકોને નિયમિત રક્તદાન કરવા તેમજ જન્મદિવસ, સ્મૃતિદિન અને અન્ય પ્રસંગોએ રક્તદાન કેમ્પ યોજી માનવસેવામાં જોડાવા અપીલ કરી હતી.



# સોનમ વાંગચૂકના સમર્થનમાં આજે ભક્તિનગર સર્કલ ખાતે ધરણાં

## લોક સંસદ વિચાર મંચે વિદ્યાર્થીઓ, યુવાનો, સામાજિક આગેવાનો અને જાગૃત નાગરિકોને જોડાવા અપીલ કરી

સિટી ન્યૂઝ@રાજકોટ

લદ્દાખના સામાજિક કાર્યકર અને શિક્ષણવિદ સોનમ વાંગચૂકના સમર્થનમાં લોક સંસદ વિચાર મંચના નેજા હેઠળ આજે ૧૯/૦૭/૨૦૨૬ના રોજ સાંજે ૬:૩૦થી ૮:૦૦ વાગ્યા સુધી વોર્ડ નં. ૧૪, ૮૦ ફૂટ રોડ, ભક્તિનગર સર્કલ ખાતે ધરણાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં કોર્પોરેટરો, પદાધિકારીઓ, વિદ્યાર્થીઓ, યુવાનો, એડવોકેટ મિત્રો, સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ અને જાગૃત નાગરિકોને ઉપસ્થિત રહેવા અપીલ કરવામાં આવી છે. આયોજકોના જણાવ્યા મુજબ, સોનમ વાંગચૂક હાલમાં દિલ્હીના જંતર-મંતર ખાતે આંદોલન કરી રહ્યા છે. તેમના સમર્થનમાં તેમજ વિદ્યાર્થીઓના પ્રશ્નો, પરીક્ષા વ્યવસ્થાની પારદર્શિતા અને NEET સહિતની પરીક્ષાઓમાં થયેલા પેપર લીક મુદ્દે અવાજ ઉઠાવવા ધરણાંનું આયોજન કરવામાં આવ્યું છે. આયોજકોનું કહેવું છે કે કાર્યક્રમ દરમિયાન સોનમ વાંગચૂકના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરવામાં આવશે તેમજ વિદ્યાર્થીઓના પ્રશ્નોના નિરાકરણ માટે સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવશે. પ્રેસ મુલાકાત દરમિયાન પ્રવીણ લાખાણી, ગજેન્દ્રસિંહ ઝાલા, નટુભા ઝાલા, જયંતી હિરપરા, અશોક બુટાણી, દિલીપ આસવાણી, હિંદુભા રાઓલ, સલીમભાઈ, સાધુરામ જનકાંત અને રમેશ રાજપૂત સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# 20 જુલાઈએ માઁ નવદુર્ગા મહાકાલી શક્તિપીઠનો 28મો પાટોત્સવ

**સિટી ન્યૂઝ@પીસાવાડા**

શ્રી ગીતાબા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી મહાકાળીધામ સેવા સંસ્થાન, પીસાવાડા ખાતે મા નવદુર્ગા મહાકાલી શક્તિપીઠના ૨૮મા પાટોત્સવ મહોત્સવ-૨૦૨૬ નિમિત્તે તા. ૨૦/૦૭/૨૦૨૬ના રોજ ભવ્ય અને આધ્યાત્મિક ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ પવિત્ર અને શુભ પ્રસંગે સર્વે ભક્તજનોને સહપરિવાર ઉપસ્થિત રહી માતાજીના આશીર્વાદ પ્રાપ્ત કરવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

મહોત્સવ અંતર્ગત સવારે ૮:૦૦ કલાકે વૈદિક મંત્રોચ્ચાર સાથે ભવ્ય નવચંડી યજ્ઞ યોજાશે, જેમાં મોટી સંખ્યામાં ભક્તો ભાગ લેશે. ત્યારબાદ બપોરે ૧૨:૦૦ કલાકે શ્રી ફળ મહાપ્રસાદનું વિતરણ તેમજ ૧૧૦૮ કુમારિકા ભોજનનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે, જે આ મહોત્સવનું મુખ્ય આકર્ષણ રહેશે. બપોરે ૩:૩૦ કલાકે શ્રી ફળ હોમ યોજાશે, જેમાં ભક્તો ધાર્મિક વિધિઓમાં જોડાઈ શકશે.

કાર્યક્રમોની પૂર્ણાહુતિ બાદ સાંજે ૪:૦૦ કલાકે ગામ ટોડાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સ્થાનિક ભક્તો અને આગેવાનો ભાગ લેશે. સમગ્ર મહોત્સવ દરમિયાન ભક્તિમય, આધ્યાત્મિક અને ધાર્મિક વાતાવરણ સર્જાશે, જેમાં વિવિધ પૂજા-અર્ચના અને વિધિઓ યોજાશે.

મા નવદુર્ગા મહાકાલી શક્તિપીઠના સેવક સમુદાયે વધુમાં વધુ ભક્તોને આ પવિત્ર મહોત્સવમાં ઉપસ્થિત રહી ધાર્મિક કાર્યક્રમોનો લાભ લેવા અને માતાજીના આશીર્વાદ મેળવવા અપીલ કરી છે. વધુ માહિતી માટે ગોપાલસિંહ નટુભા વાઘેલા (૭૨૨૮૦૮૩૨૧૧) તથા અનિલ જોશી (૯૬૬૪૮૩૪૮૮૮)નો સંપર્ક કરવા જણાવાયું છે.

**નવચંડી યજ્ઞ, 1108 કુમારિકા ભોજન, મહાપ્રસાદ સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું વિશાળ આયોજન**






# દીકરાનું ઘર-સાહિત્ય સેતુના ઉપક્રમે માં આનંદમયી કન્યા વિદ્યાલયમાં કવિતા પઠન

## 350થી વધુ વિદ્યાર્થિનીઓએ સાહિત્યનો રસાસ્વાદ માણ્યો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ-સાહિત્ય સેતુ પરિવારના ઉપક્રમે વિદ્યાર્થીઓમાં સાહિત્ય પ્રત્યે અભિરુચિ વિકસે તે હેતુથી રાજકોટની ૧૦ શાળાઓમાં કવિતા પઠન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તેના ભાગરૂપે મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત મા આનંદમયી કન્યા વિદ્યાલય ખાતે કવિતા પઠન કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ધોરણ ૯થી ૧૨ની આશરે ૩૫૦ વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કાર્યક્રમનું આયોજન જનાર્દન આચાર્યના સંયોજનમાં કરવામાં આવ્યું હતું. પ્રસંગે શાળાના આચાર્ય લીના ત્રિવેદી, જનાર્દન આચાર્ય, લેખક-પત્રકાર બાલેન્દુ જાની, કવિ ભુષિત શુક્લ અને પ્રદીપ ભાગ્યોદય સહિતના વક્તાઓએ વિદ્યાર્થિનીઓને સાહિત્ય સર્જન, કવિતા અને વાંચન સંસ્કૃતિ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થિનીઓએ વિવિધ વિષયો પર કાવ્યપઠન રજૂ કરી પોતાની સાહિત્યિક પ્રતિભાનો પરિચય આપ્યો હતો. કાર્યક્રમમાં સ્મિતા મજેઠિયા, ભગવતીબા ધાધલ, શ્રીપા ઉચાટ, નયના વ્યાસ, પદમાબા રાણા, કોમલ વ્યાસ, જાગૃતિ ત્રિવેદી, જયશ્રી વ્યાસ, લતા પટેલ, રાયધન ગરચર, મુકેશ અઘેરા, કાના રામ અને અભય શુક્લ સહિત શાળા પરિવાર અને સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આકાશ એજ્યુકેશનલ રાજકોટના 149 વિદ્યાર્થીઓએ NEET UGમાં સફળતા મેળવી




**સિટી ન્યૂઝ@રાજકોટ**

ટેસ્ટ પ્રિપેરેટરી ક્ષેત્રની અગ્રણી સંસ્થા આકાશ એજ્યુકેશનલ સર્વિસીસ લિમિટેડ (AESL)ના રાજકોટ કેન્દ્રના ૧૪૯ વિદ્યાર્થીઓએ NEET UG ૨૦૨૬માં નોંધપાત્ર સફળતા મેળવી છે. વિદ્યાર્થીઓની મહેનત, શિસ્તબદ્ધ તૈયારી અને સંસ્થાના માર્ગદર્શનના પરિણામે આ સિદ્ધિ પ્રાપ્ત થઈ હોવાનું સંસ્થાએ જણાવ્યું છે.

રાજકોટ કેન્દ્રમાંથી અર્પિત એફ. ટાંકે AIR ૩૬૯૪ સાથે શ્રેષ્ઠ સ્થાન મેળવ્યું છે. ખુશાલ પીપળિયાએ AIR ૧૦૮૮૫, આયુષ તિવારીએ AIR ૨૭૨૦૨, ક્રિશા આસોદરિયાએ AIR ૨૮૨૮૩ અને જલક રાજેશ ચુડાસમાએ AIR ૩૨૧૧૧ મેળવી સફળતા નોંધાવી છે.


સંસ્થાના જણાવ્યા મુજબ, રાષ્ટ્રીય સ્તરે પણ આકાશના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. ટોચના ૧૦, ૫૦ અને ૧૦૦ રેન્કમાં મળીને ૪૧ વિદ્યાર્થીઓએ સ્થાન મેળવ્યું છે. નિષ્ણાત ફેકલ્ટી, વૈજ્ઞાનિક અભ્યાસક્રમ, નિયમિત મોક ટેસ્ટ, વ્યક્તિગત માર્ગદર્શન અને AI આધારિત પ્રદર્શન વિશ્લેષણ જેવી સુવિધાઓ વિદ્યાર્થીઓની સફળતામાં મહત્વપૂર્ણ સાબિત થઈ હોવાનું સંસ્થાએ જણાવ્યું છે.

સફળ વિદ્યાર્થીઓએ પોતાની સિદ્ધિનો શ્રેય માતા-પિતાના સહયોગ તેમજ આકાશના શિક્ષકોના સતત માર્ગદર્શનને આપ્યો હતો. જ્યારે AESLના ચીફ એકેડેમિક્સ એન્ડ બિઝનેસ હેડ ડૉ. એચ. આર. રાવે તમામ સફળ વિદ્યાર્થીઓ અને તેમના પરિવારોને અભિનંદન પાઠવતાં તેમના ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભેચ્છા વ્યક્ત કરી હતી.

# ગોપાલે કહ્યું નીતિનકાકા બહાર બધું પુરૂ થઈ ગયું છે મારૂ શહેર જ મને ખાવા દોડી રહ્યું છે એટલે જેલમાં આવી સંતાઈ ગયો છું




રજા પૂરી થાય એટલે ગોપાલને જેલમાં પાછું જવાનું હતું. નિશીના પપ્પા ડિવોર્સ પેપર લઈ આવ્યા હતા. તેમાં ગોપાલે સહી કરી આપી. નિશીના વકીલનું કહેવું હતું કે, સમજૂતીથી છૂટાં પડી રહ્યાં છો એટલે પાંચછ મહિનામાં છૂટાછેડાનો હુકમ આવી જશે. કોર્ટમાં જે દિવસે ડિવોર્સ પેપર ફાઈલ કરવાના હતા, એ દિવસે કોર્ટમાં ગોપાલની હાજરી જરૂરી હતી. કોઈને પણ સાથે લીધા વગર તે સમયસર કોર્ટમાં પહોંચી ગયો. નિશી પણ એના પપ્પા સાથે આવી હતી.સામાન્ય રીતે ગોપાલથી નારાજ રહેતા નિશીના પપ્પાની નજરમાં ગોપાલ માટે આજે જુદો જ ભાવ હતો. તેઓ થોડી થોડીવારે ત્રાંસી આંખે ગોપાલને જોઈ લેતા. તેમની આંખોમાં આજે ગોપાલ માટે દયાનો ભાવ દેખાતો હતો. પહેલાં તેઓ માની રહ્યા હતા કે, ગોપાલ આટલી સરળતાથી ડિવોર્સ માટે તૈયાર થશે નહીં, પણ તેણે નિશીની ઈચ્છા પ્રમાણે જ બધું કર્યું.પોતાના પક્ષે કોર્ટમાં ગોપાલ એકલો જ આવ્યો હતો. ફેમિલી કોર્ટના જજે નિશી અને ગોપાલને પૂછ્યું, "તમે બંને છૂટાં પડવા માંગો છો? સાથે રહી શકો તેવી સ્થિતિ નથી?"નિશી કંઈ જવાબ આપી શકી નહીં. ગોપાલે નિશી સામે જોયું. નિશીની નજર નીચી હતી. ગોપાલે જજ સામે જોઈને કહ્યું, "ના નામદાર સાહેબ. અમે સાથે રહી શકીએ તેવા સંજોગ નથી."ગોપાલે કાળજું કઠણ કરીને જવાબ તો આપ્યો, પણ આટલું બોલતાં એને બહુ તકલીફ પડી. કારણ, તેને તો નિશી સાથે રહેવું હતું; પણ નિશી એનાથી અલગ થવા માગતી હતી. જજે તેમના ડિવોર્સ પેપર ઉપર કંઈક નોંધ કરી અને તેમને જવાનો આદેશ આપ્યો.ગોપાલ ઘરે આવ્યો ત્યારે ઘરમાં સન્નાટો હતો. મમ્મી પપ્પા બંને શાંત હતાં. પપ્પા કંઈ બોલ્યા નહીં, પણ મમ્મી રડવા લાગી હતી. ગોપાલ રસોડામાં ગયો અને પાણી લઈ આવ્યો. ગોપાલ શાંત હતો, પણ તેનું મન તો રડી જ રહ્યું હતું. તે મમ્મી પપ્પા સામે રડીને તેમનાં દુખમાં વધારો કરવા માગતો નહોતો. મમ્મીને પાણી આપ્યું અને મમ્મીના માથા ઉપર હાથ ફેરવતાં કહ્યું, "મમ્મી, રડવાનું નહીં. હવે તારે એકલા રહેવાની ટેવ પાડવી પડશે."મમ્મીએ આંખો લૂંછી અને ગોપાલ સામે જોતાં પૂછ્યું, "બેટા, આપણી કઈ ભૂલ થઈ? જેને કારણે નિશીએ આવું કર્યું?"ગોપાલ કંઈ બોલ્યો નહીં. મમ્મીનું બોલવાનું ચાલું જ હતું. મમ્મીને શાંત કરતાં ગોપાલે કહ્યું, "મમ્મી, દોષ આપણો પણ નથી અને નિશીનો પણ નથી. આપણે નિશી માટે પણ ખરાબ બોલવું ન જોઈએ. હું જેલમાં ગયો ત્યારથી હમણાં સુધી તેણે જ આપણને સાચવ્યાં હતાં. આપણે તેની જિંદગીનો પણ વિચાર કરવો જોઈએ." ગોપાલની રજા પૂરી થવાને હજી ચાર દિવસની વાર હતી, પણ ગોપાલનું મન હવે બહાર લાગી રહ્યું નહોતું. તે જ્યાં પણ જાય, ત્યાં તેને નિશીની યાદ આવતી હતી. તેણે રજા પડતી મૂકીને જેલમાં પાછા જતા રહેવાનો નિર્ણય કર્યો. તેને જેલ પર મૂકવા જવા રાકેશ આવ્યો હતો. રાકેશે પહેલાં જ ગોપાલને કહ્યું હતું કે, ડિવોર્સ પેપપ ઉપર સહી કરતાં પહેલાં તે નિશી સાથે વાત કરશે અને તેને સમજાવશે. પણ ગોપાલે તેને ઘસીને ના પાડી દીધી હતી.રાકેશે તેને જેલના દરવાજે ઉતાર્યો અને કહ્યું, "ચિંતા કરીશ નહીં. હું તારી સાથે જ છું. મમ્મી પપ્પાનું પણ ધ્યાન રાખીશ. તું ખાલી તારી જાતને સંભાળી લે જે." ગોપાલે એની સામે જોયું. તેની આંખો કહી રહી હતી કે, તું કયા જન્મનું કયું ઋણ ચુકવવા આવ્યો છે! ગોપાલ કંઈ બોલી શક્યો નહીં. તેણે આંખોથી રાકેશનો આભાર માન્યો અને જેલના દરવાજા તરફ ચાલવા લાગ્યો. દરવાજામાં દાખલ થતાં જ ગોપાલે પોતાની જાતને કહ્યું કે, હવે રડવાનું નથી, હારવાનું નથી, ડરવાનું નથી અને તે જેલમાં દાખલ થયો.પોતાની જેલએન્ટ્રી કરાવીને તે સીધો લીગલ ઑફિસમાં ગયો. જઈને તરત તેણે મોટા અવાજે કહ્યું, "નીતિનકાકા, તમારો ગોપાલ આવી ગયો છે. ચા નહીં પીવડાવો?" નીતિનકાકાએ ફાઈલમાંથી નજર હટાવી ઉપર જોયું. ગોપાલ હજી ઘરનાં કપડાંમાં જ હતો. કાકાને આશ્ચર્ય થયું. તેમણે ઑફિસનાં કેલેન્ડર સામે જોયું. તેમને પ્રશ્ન થયો કે, ગોપાલ કેમ આજે આવી ગયો? કારણ, હજી તેની રજા પૂરી થવાને ચાર દિવસ બાકી હતા. સામાન્ય રીતે જેલમાંથી બહાર નીકળતો કેદી, રજા પૂરી થયા પછી પણ બેચાર દિવસ વધારે બહાર રહીને આવે; એવા અનેક કિસ્સા બનતા હતા. પણ રજા પૂરી થયા પહેલાં કેદી પાછો ફરે, તેવો આ પહેલો કિસ્સો હતો.કાકા કેલેન્ડર સામે જોઈને વિચારતા હતા, ત્યારે ગોપાલ એકદમ તેમના ટેબલ પાસે આવી ગયો અને ધીમા અવાજે કહ્યું, "કાકા, શું વિચારો છો?"કાકાએ એકદમ તેની સામે જોતાં કહ્યું, "કેમ વહેલો આવી ગયો? હજી તો તારી રજા પૂરી થવાની વાર છે."ગોપાલ હસવા લાગ્યો. તેનું હાસ્ય



પ્રશાંત દયાળ

બનાવટી જ હતું. તેણે હસતાં હસતાં જ કહ્યું, "કાકા, બસ તમારી યાદ આવી ગઈ. બહાર તમારી જેમ કોઈ મને ખખડાવતું નથીને."કાકાના ચહેરા પર આછું સ્મિત આવ્યું. તેમનું મન તો કહી રહ્યું હતું કે, બેટા તારા જેવા પાંચસાત હજાર કેદી મારા હાથ નીચેથી પસાર થઈ ગયા હશે. માણસ ક્યારે સાચું બોલે અને ક્યારે ખોટું, એ જાણવા મારે કંઈ લાઈડિટેક્ટરની જરૂર નથી. તારી આંખો કંઈક જુદું જ કહી રહી છે. કાકાએ બધા વિચાર બાજુ પર મૂકીને કહ્યું, "ચા પીવી છે?"ગોપાલે હા કહી એટલે તેમણે એક કેદીને કહ્યું, "બેટા, ચા તો લેતો આવ."કાકા ગોપાલ સામે જોઈ રહ્યા હતા. ગોપાલ કાકાની સાથે વાત કરવાને બદલે ઑફિસમાં કામ કરી રહેલા અન્ય કેદીઓ સાથે વાત કરી રહ્યો હતો. ચા આવી એટલે કાકાએ અને ગોપાલે એકએક કપ હાથમાં લીધો. ગોપાલ ચાની પહેલી ચુસકી મારે, એ પહેલાં જ કાકાએ કહ્યું, "ગોપાલ, બહાર આવ."કાકા અને ગોપાલ ચાનો કપ લઈને બહાર આવ્યા. ગોપાલ ગંભીર થઈ ગયો. કાકા પોતાની ટેવ પ્રમાણે લીમડાનાં ઝાડ નીચે ઊભા રહ્યા. તેમણે ગોપાલ સામે જોતાં પૂછ્યું, "શું થયું બેટા? કેમ વહેલો આવ્યો?"ગોપાલ કંઈ જ બોલ્યો નહીં. થોડીવાર ચાના કપ સામે જોતો રહ્યો. પછી તેણે નજર ઊંચી કરી અને કાકા સામે જોતાં કહ્યું, "કાકા, બધું જ પૂરું થઈ ગયું. હવે બહાર રહીને શું કરું? મને મારું શહેર જ ખાવા દોડી રહ્યું હતું એટલે સંતાઈ જવા જેલમાં આવી ગયો."કાકા તેને સવાલ પૂછતા ગયા અને ગોપાલ તેનો જવાબ આપતો ગયો. ગોપાલે પહેલાં દિવસે નિશીને મળ્યો, ત્યારથી ડિવોર્સ પેપર ઉપર સહી કરી આપી; ત્યાં સુધીની બધી જ વાતો કાકાને કહી. કાકા ડિસ્ટર્બ થઈ ગયા. ત્યાં સુધી તેમની ચા પૂરી થઈ ગઈ હતી. ગોપાલે કાકાના હાથમાં રહેલો ખાલી કપ લઈ લીધો. કાકા લીમડાની ડાળીઓ સામે જોઈ રહ્યા હતા. તેમણે કહ્યું, "ગોપાલ જિંદગીમાં ક્યારેય કંઈ પૂરું થતું નથી."એક લીમડાની ડાળીને બતાવતાં કહ્યું, "જો, પાનખરમાં આને પાંદડા જતાં રહ્યાં હતાં. આ લીમડો બુઠ્ઠો થઈ ગયો હતો. હવે જો, તેને કેવી કૂંપળો ફુટી છે!"ગોપાલે કહ્યું, "કાકા, પણ લીમડો રડતો નથી."કાકાએ ગોપાલના ખભા પર હાથ મૂકીને કહ્યું, "બેટા, પ્રકૃતિ આપણી જેમ રડી શકતી નથી."ગોપાલ માટે નીતિનકાકા હવે તેના ગાઈડ, ફિલોસોફર અને ફ્રેન્ડ હતા. બંને વચ્ચે ઉંમરનું અંતર લગભગ ત્રીસ વર્ષ હતું, પણ કાકાને અને ગોપાલને મિત્રતા થઈ ગઈ હતી. કાકાએ કહ્યું, "આજે આરામ કરવો હોય તો આરામ કર. આવતીકાલથી કામ પર આવી જજે."ગોપાલે કહ્યું, "કાકા, આરામ શું કરવાનો? બહાર તો આરામ જ હતો. હમણાં કપડાં બદલીને આવી જઉં છું."ગોપાલ કપડાં બદલવા માટે નીકળ્યો. કાકા તેને જતો જોઈ રહ્યા. કાકાને ખબર હતી, ગોપાલ નોર્મલ દેખાઈ રહ્યો છે; પણ અંદરથી તેવો નથી. (ક્રમશ)

# સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...

## તમારી સમસ્યા હવે છુપાશે નહીં!

## તમારી કોલોની - તમારો વોર્ડ - તમારો હક

લાઈટ બંધ રહે છે?



ગંદુ પાણી આવે છે?



રસ્તા તૂટેલા છે?



ગંદકી અને સફાઈની સમસ્યા છે?



હવે સીધી ફરિયાદ કરો - "સિટી ન્યૂઝ રાજકોટ" સુધી!

તમારી સમસ્યાનો ફોટો / વિડિયો મોકલો

અમે તેને સંબંધિત અધિકારીઓ સુધી પહોંચાડશું

ચૂંટણી હોય કે ન હોય - "સિટી ન્યૂઝ" હંમેશાં રાજકોટની પડખે!



WhatsApp કરો:
**+91 81409 88883**

રાજકોટ

સ્વચ્છ અને સુવિધાયુક્ત રાજકોટ માટે
આપનો સહકાર જરૂરી